


RNI No. GUJGUJ /2008/26148

GARVI GUJARAT

# ગરવી ગુજરાત

ગરવી ગુજરાત

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 18
Issue : 015
Dt.: 23-09-2025,
Tuesday
Page : 04
Rs.00.50 paisa

EDITOR : AJAYKUMAR RAMANLAL PRAJAPATI (AJAY PATNI) Regd. Office: TF-01, Nanakram Super Market,Ramnagar,Sabarmati, Ahmedabad-380 005. Gujarat, India.

Phone : 90163 33307 (M) 93283 33307, 98253 33307 • Email : garvigujarat2007@gmail.com • Email : garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in


### રાજનાથસિંહનું મોરક્કોમાં મહત્વપૂર્ણ નિવેદન

# જરૂર પડશે તો ઓપરેશન સિંદુર પાર્ટ ૨ અને ૩ ફરી શરૂ કરીશું

### પીઓકેની ચિંતા નથી, કારણ કે POK પોતાની જાતે જ ભારતમાં સામેલ થઈ જશે, અને ત્યાંના લોકો જાતે જ કહેશે, હું પણ ભારત છું: રાજનાથસિંહ

(સંપૂર્ણ સમાચાર સેવા)મોરક્કો

સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ હાલમાં મોરોક્કોના બે દિવસના પ્રવાસે છે. તેઓ કાસાબ્લાન્કા પહોંચ્યા, જ્યાં તેઓ ભારત અને મોરોક્કો વચ્ચે સંરક્ષણ સહયોગને વધુ મજબૂત બનાવવા માટે ચર્ચા કરશે. આ મુલાકાતને બંને દેશો વચ્ચે સંરક્ષણ અને વ્યૂહાત્મક સંબંધોને વધારવા તરફ એક મહત્વપૂર્ણ પગલું માનવામાં આવે છે. તેમની મુલાકાત દરમિયાન રાજનાથ સિંહ દ્વિપક્ષીય વાટાઘાટોમાં ભાગ લેશે અને સંરક્ષણ સંબંધિત વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરશે. રાજનાથ સિંહે મોરોક્કોમાં ભારતીય સમુદાય સાથે મુલાકાત કરી. વાતચીત દરમિયાન તેમણે જમ્મુ અને કાશ્મીરમાં પહેલગામ હુમલાનો પણ ઉલ્લેખ કર્યો અને કહ્યું, "આપણા લોકો ફક્ત તેમના ધર્મના આધારે માર્યા ગયા હતા. મેં તાત્કાલિક એક બેઠક બોલાવી અને તેમને ઓપરેશન માટે તૈયાર રહેવા કહ્યું. બધા મુખ્ય અધિકારીઓએ કહ્યું કે અમે ઓપરેશન કરવા માટે તૈયાર છીએ." સંરક્ષણ પ્રધાને પાકિસ્તાન અંગે પણ નિવેદન આપ્યું, જેમાં કહ્યું કે પાકિસ્તાનમાં સુધારો કરવાની જવાબદારી તેમની છે, અને પીઓકેની ચિંતા નથી, કારણ કે POK પોતાની જાતે જ ભારતમાં સામેલ થઈ જશે, અને ત્યાંના લોકો જાતે જ કહેશે, "હું પણ ભારત છું."

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે મોરોક્કોમાં ભારતીય સમુદાય સાથેની વાતચીત દરમિયાન અનેક મહત્વપૂર્ણ મુદ્દાઓ પર પોતાના વિચારો શેર કર્યા. તેમણે જણાવ્યું હતું કે ઓપરેશન સિંદૂર પછી પાકિસ્તાને યુદ્ધવિરામની માંગ કરી હતી, પરંતુ ભારતનું વલણ સ્પષ્ટ છે. ભારત તેના પડોશીઓ સાથે સારા સંબંધો ઈચ્છે છે, પરંતુ તે પણ સમજે છે કે પડોશીઓ બદલાઈ શકતા નથી. તેમણે કહ્યું, "આપણા પડોશીઓને સાચા માર્ગ પર પાછા લાવવાની જવાબદારી આપણી છે, અને અમે તેમ કરવાનું ચાલુ રાખીશું." તેમણે એ પણ સ્પષ્ટ કર્યું કે જો જરૂર પડશે તો ઓપરેશન સિંદુર પાર્ટ ૨ અને ૩ ફરી શરૂ કરીશું. રક્ષા મંત્રીએ પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીર (PoK) વિશે પણ મહત્વપૂર્ણ ટિપ્પણી કરી. તેમણે કહ્યું કે PoK ભારતનો ભાગ છે અને કોઈ તેને જોડવાનો પ્રયાસ કરી રહ્યું નથી. તેમણે સ્પષ્ટતા કરી, "PoK ના લોકો જાતે જ કહેશે, 'હું પણ ભારત છું.' આપણે તેના પર હુમલો કરવાની જરૂર નથી. તે અમારો ભાગ છે, અને એક દિવસ તે પોતાની મેળે આપણી સાથે જોડાશે."

રાજનાથ સિંહે કહ્યું કે ઓપરેશન સિંદૂર દરમિયાન અમે આતંકવાદીઓને તેમના કાર્યોના આધારે માર્યા, તેમના ધર્મના આધારે નહીં.

તેમણે કહ્યું, "અમે કોઈના ધર્મ તરફ જોયું નહીં, પરંતુ તેઓ આતંકવાદી હતા. અમે બધા ધર્મોનું સન્માન કરીએ છીએ અને કોઈના ધર્મ સામે કોઈ વાંધો નથી."

ભારતીય સમુદાય સાથેની વાતચીત દરમિયાન સંરક્ષણ મંત્રીએ ભારતીયતાના મહત્વ પર પણ ભાર મૂક્યો. તેમણે કહ્યું, "આપણે જ્યાં પણ હોઈએ, આપણે એ ભૂલવું ન જોઈએ કે આપણે ભારતીય છીએ અને ભારતીય તરીકે આપણી જવાબદારીઓ અન્ય લોકો કરતા અલગ છે. જો આપણે મોરોક્કોમાં રહીએ છીએ અને પૈસા કમાઈ રહ્યા છીએ, તો આપણે કોઈપણ રીતે મોરોક્કો સાથે દગો ન કરવો જોઈએ. આ ભારતનું સાચું ચરિત્ર છે."



### કેપ્ટનની સતર્કતાથી મોટી દુર્ઘટના ટળી

# એર ઈન્ડિયાના વિમાનને હાઈજેક કરવાનો પ્રયાસ

### કોકપીટમાં પ્રવેશવા સાચો પાસકોડ દાખલ કર્યો હતો, પાઈલટે ખોલ્યો જ નહીં કોકપીટનો દરવાજો, ૯ લોકોની અટકાયત

(સંપૂર્ણ સમાચાર સેવા)બેંગલુરુ

બેંગલુરુથી વારાણસી જતી એર ઈન્ડિયાની ફ્લાઈટનો કોકપીટ દરવાજો ખોલવાનો પ્રયાસ બે મુસાફરોએ કર્યો હતો. તેમણે કોકપીટમાં પ્રવેશવા માટે સાચો પાસકોડ દાખલ કર્યો હતો. હાઈજેક થવાના ડરથી પાઈલટે દરવાજો ખોલ્યો ન હતો. એટીસીને આ અંગે જાણ કરવામાં આવી હતી, જેણે સુરક્ષા એજન્સીઓને ચેતવણી આપી હતી.

વારાણસીમાં સુરક્ષિત ઉતરાણ બાદ, કોકપીટ દરવાજો ખોલવાનો પ્રયાસ કરનારા બે મુસાફરો સહિત નવ લોકોની અટકાયત કરવામાં આવી હતી. વારાણસી પોલીસ અને ગુપ્તચર એજન્સીઓ અટકાયતીઓની પૂછપરછ કરી રહી છે. વિમાનમાં ૧૬૩ મુસાફરો હતા. વારાણસીમાં વિમાનનો નિર્ધારિત લેન્ડિંગ સમય ૧૦:૪૫ હતો, પરંતુ સમગ્ર ઘટના વચ્ચે વિમાન ૧૦:૨૨ વાગ્યે ઉતર્યું.

એર ઈન્ડિયા એક્સપ્રેસ ફ્લાઈટ IX ૧૦૮૬ સોમવારે સવારે બેંગલુરુથી વારાણસી માટે રવાના થઈ. ટેકઓફ થયાના થોડા સમય પછી, બે મુસાફરોએ કોકપીટ તરફ જતો કેબિન દરવાજો ખોલવાનો પ્રયાસ કર્યો. તેઓએ દરવાજો ખોલવા માટે સાચો પાસકોડ દાખલ કર્યો હતો.

ઉડતા વિમાનના કોકપીટ ખોલવા માટે પાઈલટે પાસકોડ દાખલ કરતાની સાથે જ તેનો સિગ્નલ તેના પછી મળ્યો. જ્યારે પાઈલટે સીસીટીવીમાં જોયું, ત્યારે તે ચોંકી ગયો. ત્યાં બે મુસાફરો દેખાયા. વિમાનના હાઈજેક થવાના ડરથી કેપ્ટને દરવાજો ખોલ્યો નહીં.

પાઈલટે તાત્કાલિક એટીસીને આ અંગે જાણ કરી. એટીસીએ સુરક્ષા માટે તૈનાત સીઆરપીએફને સતર્ક કર્યા. વારાણસીના બાબતપુર એરપોર્ટ પર વિમાનના સુરક્ષિત ઉતરાણ બાદ, સીઆરપીએફ જવાનોએ કોકપીટ ખોલવાનો પ્રયાસ કરનારા બે મુસાફરો સહિત કુલ નવ લોકોની અટકાયત કરી છે. તે બધાને બાબતપુર પોલીસ સ્ટેશન લાવવામાં આવ્યા છે અને તેમની પૂછપરછ કરવામાં આવી રહી છે.

પોલીસની સાથે ગુપ્તચર એજન્સીઓ પણ પૂછપરછમાં રોકાયેલી છે. વારાણસીના ડીસીપી વરુણ ઝોન આકાશ પટેલ પણ ધરપકડ કરાયેલા મુસાફરોની પૂછપરછ કરવા પહોંચ્યા છે.

# ડ્રેગને ઝડપી તક! : H-1B મુદ્દે ઘમાસાણ વચ્ચે ચીને ધડાધડ લોન્ચ કર્યા નવા K વિઝા

(સંપૂર્ણ સમાચાર સેવા)બેઈજીંગ

અમેરિકી સરકારના H1-B વિઝાની ફીમાં ધરખમ વધારો થયા બાદ દુનિયામાં ખળભળાટ મચી ગયો છે. આ બધા વચ્ચે ચીને એક મોટું પગલું ભર્યું છે. ચીનની શી જિનપિંગ સરકારે નવા K વિઝા કેટેગરી શરૂ કરી છે. આ વિઝાનો હેતુ દુનિયાભરથી યુવા અને પ્રતિભાશાળી વ્યવસાયિકોને આકર્ષવાનું છે. આ વિઝા હેઠળ ખાસ કરીને વિજ્ઞાન, ટેક્નોલોજી, એન્જિનિયરિંગ અને એસટીઈએમ ક્ષેત્રમાં પ્રતિભાશાળી યુવાઓને ચીન તરફ વાળવાની કોશિશ કરાઈ છે.

ચીની સરકાર તરફથી રવિવારે બહાર પાડવામાં આવેલા એક અધિકૃત નિવેદનમાં નવા K વિઝા શ્રેણી લોન્ચ કરવાની જાહેરાત કરાઈ છે. જણાવવામાં આવ્યું છે કે આ વિઝા હેઠળ વિદેશીઓને પ્રવેશ અને બહાર જવા સંબંધિત નિયમોમાં સંશોધન કરાયા છે. આ નવા નિયમ ૧ ઓક્ટોબર ૨૦૨૫થી લાગૂ થશે.

K વિઝાને પર્યવેક્ષક અમેરિકી H-1B વિઝાનું ચીની વર્ઝન કહે છે. ચીને એવા સમયે આ વિઝા ડિઝાઈન કર્યા છે જ્યારે દુનિયાના દેશ વર્ક વિઝા નિયમોને કડક કરી રહ્યા છે. ખાસ કરીને દક્ષિણ એશિયાના વ્યવસાયિકો માટે આ અમેરિકી વિઝાનો વિકલ્પ હોઈ શકે છે. ચીની ન્યાય મંત્રાલયના જણાવ્યાં મુજબ કે વિઝા એવા વિદેશી યુવા ટેક્નિકલ પ્રતિભાઓ અને વૈજ્ઞાનિકો માટે ઉપલબ્ધ હશે જેમણે પ્રતિષ્ઠિત યુનિવર્સિટીઓ કે રિસર્ચ સંસ્થાનોમાંથી જીઈસ ક્ષેત્રોમાં સ્નાતક કે ઉચ્ચતર ડિગ્રી મેળવી હોય. આ વિઝા એવા સંસ્થાનોમાં શિક્ષણ કે રિસર્ચમાં લાગેલા યુવા વ્યવસાયિકો માટે પણ ઉપલબ્ધ હશે. રિપોર્ટ મુજબ K વિઝા માટે અરજીધારકોએ ચીની અધિકારીઓ તરફથી નિર્ધારિત કરાયેલી યોગ્યતાઓ અને જરૂરિયાતો પૂરી કરવી પડશે. વિદેશોમાં ચીની દૂતાવાસો અને વાણિજ્ય દૂતાવાસો દસ્તાવેજોની સૂચિ બહાર પાડશે જેની જરૂરિયાત અરજી સમયે પડશે. તેમાં શૈક્ષણિક યોગ્યતાનું પ્રમાણ અને વ્યવસાયિક કે રિસર્ચ કાર્યનું પ્રમાણ આપવાનું રહેશે. ચીનની હાલની ૧૨ સામાન્ય વિઝા શ્રેણીઓની સરખામણીમાં K વિઝામાં અનેક સગવડો આપવામાં આવી છે. આ લાંબી માન્યતા અને રહેવાના લાંબા સમય મામલે ફ્લેક્સિબલ છે. બીજા વર્ક વિઝાથી ઉલટું અરજીધારકોએ કોઈ ડોમેસ્ટિક એમ્પ્લોયર કે સંસ્થા તરફથી આમંત્રણ જારી કરવાની જરૂરિયાત નહીં રહે. તેનાથી પ્રક્રિયા ઓછી પ્રતિબંધાત્મક રહેશે.

### ઈન્ડિયન નેવી ટેન્ડર કરશે જાહેર

# ૪ વિશાળ એમ્ફીબિયસ યુદ્ધ જહાજ ખરીદવાની તૈયારી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારતીય નેવી ટૂંક સમયમાં ચાર મોટા લેન્ડિંગ પ્લેટફોર્મ ડોક (LPD) યુદ્ધ જહાજોના નિર્માણ માટે ૮૦,૦૦૦ કરોડ રૂપિયાનું ટેન્ડર બહાર પાડશે. આ જહાજો નેવીને સમુદ્રમાંથી કિનારા પર લાંબા સમય સુધી ઓપરેશન કરવાની ક્ષમતા પૂરી પાડશે.સમુદ્રમાંથી કિનારા પરના હુમલાઓ સરળ બનાવવા માટે, આ યુદ્ધ જહાજો કમાન્ડ અને કંટ્રોલ સેન્ટર તરીકે કામ કરશે, જેમાંથી ફિક્સ્ડ-વિંગ નેવલ ડ્રોન પણ ઉડાવી શકાશે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર સંરક્ષણ મંત્રાલય ટૂંક સમયમાં જ નેવીના આ પ્રસ્તાવને મંજૂરી આપવા માટે ઉચ્ચ સ્તરીય બેઠક યોજશે, જે દેશના સપાટી પરના યુદ્ધ જહાજ નિર્માણનો સૌથી મોટો પ્રોજેક્ટ સાબિત થશે.

આ પ્રોજેક્ટમાં ભારતીય જહાજ નિર્માતાઓ, જેમાં લાર્સન એન્ડ ટુબ્રો (L&T), મઝગાંવ ડોકયાર્ડ, કોચિન શિપયાર્ડ અને હિન્દુસ્તાન શિપયાર્ડ્સ લિમિટેડ જેવી મોટી કંપનીઓનો સમાવેશ થાય છે. નાવાન્ટિયા, નેવલ ગ્રુપ અને ફિનકેન્ટિએરી જેવી આંતરરાષ્ટ્રીય કંપનીઓ ડિઝાઈન ભાગીદાર તરીકે કામ કરશે. આ તમામ જહાજો સંપૂર્ણપણે ભારતમાં જ સંકલિત અને નિર્મિત થશે. નેવી પોતાની એમ્ફિબિયસ યુદ્ધ ક્ષમતા વધારવા માટે ઘણા વર્ષોથી પ્રયત્નશીલ છે, જેના ભાગરૂપે ૨૦૨૧માં LPD પ્રોજેક્ટ માટે રીક્વેસ્ટ ફોર ઈન્ફોર્મેશન બહાર પાડવામાં આવી હતી. નેવીની ઈચ્છા છે કે આ યુદ્ધ જહાજો સ્વરક્ષણ માટે એર ડિફેન્સ સિસ્ટમ્સથી સજ્જ હોય અને લાંબા અંતરની એન્ટી-શિપ મિસાઈલ અને ડ્રોન જેવી હુમલા કરવાની શક્તિ પણ ધરાવતા હોય. નેવી ઘણા વર્ષોથી તેની એમ્ફિબિયસ યુદ્ધ ક્ષમતા વધારવાનો પ્રયાસ કરી રહી છે. ૨૦૨૧માં LPD પ્રોજેક્ટ માટે વિનંતી (રીક્વેસ્ટ ફોર ઈન્ફોર્મેશન) પણ બહાર પાડવામાં આવી હતી. નેવી ઈચ્છે છે કે આ યુદ્ધ જહાજો હવાઈ જોખમોથી પોતાનું રક્ષણ કરી શકે. આ માટે તેમાં એર ડિફેન્સ સિસ્ટમ્સ હશે, તેમજ લાંબા અંતરની એન્ટી-શિપ મિસાઈલ અને ડ્રોન જેવી હુમલો કરવાની શક્તિ પણ હશે. આ યુદ્ધ જહાજો ભારતીય નેવીને મજબૂત બનાવશે. આનાથી સમુદ્રમાંથી સૈનિકોને કિનારે ઉતારવા અને હુમલો કરવાની ક્ષમતામાં વધારો થશે. આ પ્રોજેક્ટ ભારતની સંરક્ષણ શક્તિને નવી ઊંચાઈ પર લઈ જશે.

### મને નહોતી ખબર કે સુકેશ ઠગ છે : જેકલીન

# રૂ.૨૦૦ કરોડની છેતરપિંડીના કેસમાં સુપ્રીમ કોર્ટ સમક્ષ જેક્લીનની દલીલ ફેલ

### હાલમાં આ મામલે કોઈ રાહત આપી શકાય નહીં અને અરજદાર યોગ્ય તબક્કે ફરી કોર્ટમાં આવી શકે છે : સુપ્રીમ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ઠગ સુકેશ ચંદ્રશેખર સંબંધીત રૂ.૨૦૦ કરોડના મની લોન્ડરિંગ કેસમાં ફિલ્મ અભિનેત્રી જેકલીન ફર્નાન્ડિસને દિલ્હી હાઈકોર્ટ બાદ હવે સુપ્રીમ કોર્ટે ઝટકો આપ્યો છે. સુપ્રીમ કોર્ટે તેમનો કેસ રદ કરવાની અરજી પર સુનાવણી કરવાનો ઈનકાર કરી દીધો છે. સુપ્રીમ કોર્ટે કહ્યું કે, હાલમાં આ મામલે કોઈ રાહત આપી શકાય નહીં અને અરજદાર યોગ્ય તબક્કે ફરી કોર્ટમાં આવી શકે છે. સુપ્રીમ કોર્ટમાં જસ્ટિસ દીપાંકર દત્તાએ કહ્યું કે, 'તમારી પર એવોઆરોપ છે કે, તમને રૂ.૨૦૦ કરોડનો એક ભાગ ભેટ તરીકે મળ્યો હતો. અમે સમજીએ છીએ કે,



કાયદો એવો છે કે તેમાં કોઈ પણ વ્યક્તિ સામેલ થઈ શકે છે. જો બે ખૂબ નજીકના મિત્રોમાંથી એક બીજાને કંઈક આપે અને પછી તેઓ કોઈ અપરાધ કરે, તો તે ખૂબ જ મુશ્કેલ છે. તેથી અમે કહીએ છીએ કે, સુપ્રીમ કોર્ટે વિજય મદનલાલના કેસના ચુકાદામાં તેના પર વિચારણા કરી છે.' જેકલીનના વરિષ્ઠ વકીલ મુકુલ રોહતગીએ કોર્ટમાં દલીલ કરી હતી કે, 'જેકલીન ૨૦૦ કરોડના મની લોન્ડરિંગમાં સામેલ નથી. તેમને ખબર નહોતી કે સુકેશ ઠગ છે. જેકલીન એક ફિલ્મ સ્ટાર છે. સુકેશ ઠગ છે, જે જેલમાં છે અને તેના પર નકલી મંત્રી હોવાનો આરોપ છે. તે જેલમાંથી લોકોને ફોન કરે છે અને મંત્રી હોવાનું જેલમાં ન હોવાનું દેખાડો કરે છે. જેકલીન એક ધનિક મહિલા છે. અભિનેત્રીનો આ કેસ સાથે કોઈ સંબંધ નથી.' આ પહેલા જેકલીને દિલ્હી હાઈકોર્ટમાં અરજી કરી મની લોન્ડરિંગ કેસમાં ઈડી દ્વારા તેમની સામે નોંધાયેલો કેસ રદ કરવાની માંગ કરી હતી, જેને કોર્ટે ફગાવી દીધી હતી. ત્યારબાદ કોર્ટે કેસને સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો હતો. દિલ્હી હાઈકોર્ટે કહ્યું હતું કે, આરોપીએ ખરેખર ગુનો કર્યો છે કે નહીં, તે નિર્ણય ફક્ત નીચલી અદાલતમાં સુનાવણી દરમિયાન જ થઈ શકે છે. જેકલીન ફર્નાન્ડિસે દિલ્હી હાઈકોર્ટમાં દલીલ કરી હતી કે તેમના પર લગાવેલા તમામ આરોપો ખોટા છે અને તેમને સુકેશ ચંદ્રશેખરના ગુનાહિત ઈતિહાસ વિશે કોઈ માહિતી નહોતી. સુકેશે તેમને મોંઘી ભેટો આપી હતી, પરંતુ તેનો મની લોન્ડરિંગ કેસ સાથે કોઈ સંબંધ નથી. જોકે, સુપ્રીમ કોર્ટે પણ જેકલીનને આ મામલે કોઈ મોટી રાહત આપવાનો ઈનકાર કર્યો છે.




## તંત્રી લેખ......

# સાઉદી અને પાકિસ્તાન વચ્ચેના સંરક્ષણ કરારથી નવો પડકાર

ભારતની સામે કોઈ પણ મોરચામાં જોડાતા રહેલા પાકિસ્તાને હવે સાઉદી અરેબિયાની સાથે લશ્કરી કરાર કરીને પોતાના ઈરાદાને મજબૂત કરવાની ચાલ ગોઠવી છે. ઓપરેશન સિંદૂરમાં ચીત થયા બાદ પાકિસ્તાને ભારત વિરોધી સક્રિયતાને વધારી દીધી છે. ચીનની જીહજૂરી કરતા રહેલા પાકિસ્તાને હવે અમેરિકાના વહાલા થવાની સાથોસાથ બાંગલાદેશમાં ભારત વિરોધી વલણમાં સૂર પૂરાવ્યો છે. હવે તેણે ગાઝાના સંઘર્ષને હાથો બનાવીને આરબ અને મુસ્લિમ દેશોના નાટો જેવા સંગઠનની રચનાના વિચારને વેગ આપવો શરૂ કર્યો છે. ઈસ્લામાબાદ હવે પોતાને દુનિયામાં મુસ્લિમ દેશોના મોભી તરીકેની છબી ઊભી કરવાની સતત વેતરણ કરી રહ્યું છે. આરબ દેશો અને તેમાં પણ સાઉદી અરેબિયાની પાસેથી આર્થિક મદદ માટે વારંવાર હાથ લાંબો કરતા રહેતા પાકિસ્તાને તેની અણુતાકાતનો પ્રભાવ ઊભો કરીને હવે નવો કારસો રચ્યો છે.

ભારતે સાવચેત રહેવું જોઈએ એવા ઘટનાક્રમમાં પાકિસ્તાને સાઉદી અરેબિયા સાથે કરેલા સંરક્ષણ કરારમાં એવી જોગવાઈ છે કે કોઈ પણ એક દેશ ઉપરના હુમલાને બન્ને પરના આક્રમણ સમાન ગણવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે, બન્ને દેશ સંરક્ષણ સહયોગ વધારશે અને જરૂર પડયે પાકિસ્તાનના અણુશસ્ત્રોનો ઉપયેગ પણ કરાશે. આમ તો પાકિસ્તાનના સાઉદી અરેબિયા સાથેના સંબંધો જૂના છે, જ્યારે જ્યારે ઈસ્લામાબાદને આર્થિક કટોકટીનો સામનો કરવો પડયો છે ત્યારે ત્યારે તેને આ આરબ મિત્ર પાસેથી મદદ મળતી રહી છે. જો કે, આ સંરક્ષણ કરાર ભારતની સાથોસાથ અમેરિકા માટે પણ નોંધનીય બની રહ્યો છે. આરબ દેશોને અમેરિકાની સલામતીની ગેરંટીની વિશ્વસનીયતા સામે શંકા જાગી રહી છે તેવા સમયે પાકિસ્તાને સાઉદી સાથેના કરાર દ્વારા નવા સમીકરણ રચવાના સંકેત આપી દીધા છે. થોડા દિવસ અગાઉ ઈઝરાયલે કતાર પર હુમલો કર્યો ત્યારથી આરબ દેશોની ચિંતામાં સતત વધારો થતો રહ્યો છે. પાકિસ્તાને આ કરાર દ્વારા પોતાનો સ્વાર્થ સાધ્યો છે.

એક તરફ તે આરબ અને મુસ્લિમ દેશોમાં ઢાલ બનવાની પોતાની છબી ઊભી કરી શકશે તેની સાથોસાથ ભારતની ઉપર સાઉદી દોસ્તીનું દબાણ ઊભું કરવાનો તેનો ઈરાદો છતો થયો છે. સાઉદી અરેબિયા પોતાની સલામતીને સત્તાવર રીતે મજબૂત કરવાનો ઈરાદો ધરાવે એમાં કોઈને વાંધો હોઈ શકે નહીં, પણ આમ કરવા જતાં પાકિસ્તાન પોતાનો સ્વાર્થ સાધી રહ્યું હોવાની વાસ્તવિકતા તેણે સમજવી જોઈએ. ઉલ્લેખનીય છે કે, ગઈ ૧૪મી સપ્ટેમ્બરે દોહામાં મળેલી મુસ્લિમ દેશોના નેતાઓની બેઠકમાં પાકિસ્તાને નાટો જેમ ઈસ્લામિક દેશોના સંયુક્ત સલામતી દળની રચનાની હિમાયત કરી હતી. આ બધા સંકેતો અમેરિકા અને ઈઝરાયલ બન્નેની માટે પણ લાલબત્તી સમાન છે. અમેરિકા તેના આરબ હિતોની સામે પડકારરૂપ પાકિસ્તાન-સાઉદીના કરારના મામલે કેવું વલણ લે છે તેના પર વિશ્વની સ્વાભાવિક નજર રહેશે.

જો કે, પાકિસ્તાની મથરાવટી અને ચીન સાથેના સંબંધોને ધ્યાને લઈને આરબ દેશોએ પણ સાવચેતી રાખવી અનિવાર્ય બની રહેશે. ભારતે સાઉદી અરેબિયા સાથેના સંબંધોને ધ્યાનમાં લઈને આ કરાર અંગે સાવચેતીભર્યો પ્રતિભાવ આપ્યો છે, પણ હવે આ નવાં સમીકરણોની સામે સતત સજાગતા રાખવાની વધારાની જવાબદારી સતત નિભાવવી પડશે એ નક્કી જણાય છે.

# ડેઈલી માર્કેટ રિપોર્ટઃ સોના-ચાંદીના વાયદામાં ઝંઝાવાતી તેજીઃ બંને કીમતી ધાતુઓના વાયદાના ભાવ ઓલ ટાઈમ હાઈને સ્પર્શ્યા

**ક્રૂડ તેલના વાયદામાં રૂ.૩૦ની નરમાઈઃ કોમોડિટી વાયદાઓમાં રૂ.૩૫૦૮૭.૯૪ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૨૯૬૦૭૪.૧૪ કરોડનું ટર્નઓવરઃ સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૩૧૧૯૧.૮૫ કરોડનાં કામકાજઃ બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૨૬૨૦૦ પોઈન્ટના સ્તરે**

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ.૩૩૧૧૬૩.૧૮ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૩૫૦૮૭.૯૪ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૨૯૬૦૭૪.૧૪ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ સપ્ટેમ્બર વાયદો ૨૬૨૦૦ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૧૭૨૩.૭૬ કરોડનું થયું હતું.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૩૧૧૯૧.૮૫ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું ઓક્ટોબર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૧૦૪૦૨ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૧૧૭૨૭ના ઓલ ટાઈમ હાઈ અને નીચામાં રૂ.૧૧૦૨૦૨ના મથાળે અથડાઈ, રૂ.૧૦૯૮૪૭ના આગલા બંધ સામે રૂ.૧૭૭૯ વધી રૂ.૧૧૧૬૨૬ થયો હતો. ગોલ્ડ-ગિની સપ્ટેમ્બર વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૧૩૪૮ વધી રૂ.૮૯૪૪૬ થયો હતો. ગોલ્ડ-પેટલ સપ્ટેમ્બર વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૧૫૩ વધી રૂ.૧૧૧૭૩ના ભાવે બોલાયો હતો. સોનું-મિની ઓક્ટોબર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૭૬૪ વધી રૂ.૧૧૧૪૭૯ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-ટેન સપ્ટેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૧૦૩૧૮ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૧૧૯૦૦ અને નીચામાં રૂ.૧૧૦૩૧૮ના સ્તરને સ્પર્શી, રૂ.૧૧૦૦૪૧ના આગલા બંધ સામે રૂ.૧૬૮૩ વધી રૂ.૧૧૧૭૨૪ થયો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી ડિસેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૧૩૦૬૫૮ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૩૨૯૮૦ના ઓલ ટાઈમ હાઈ અને નીચામાં રૂ.૧૩૦૬૫૮ના મથાળે અથડાઈ, રૂ.૧૨૯૮૩૮ના આગલા બંધ સામે રૂ.૩૧૦૬ વધી રૂ.૧૩૨૯૪૪ના સ્તરે પહોંચ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની નવેમ્બર વાયદો રૂ.૩૧૪૧ વધી રૂ.૧૩૨૮૨૯ના સ્તરે પહોંચ્યો હતો. ચાંદી-માઈક્રો નવેમ્બર વાયદો રૂ.૩૦૯૮ વધી રૂ.૧૩૨૭૯૬ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

એનર્જી સેગમેન્ટમાં રૂ. ૨૫૦૭.૯૫ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી સપ્ટેમ્બર વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૩૭૫૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૩૭૮૩ અને નીચામાં રૂ.૩૭૨૦ના સ્તરને સ્પર્શી, રૂ.૫૭ ઘટી રૂ.૩૭૨૦ થયો હતો. ક્રૂડ તેલ ઓક્ટોબર વાયદો બેરલદીઠ રૂ.૫૫૫૧ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૫૫૭૫ અને નીચામાં રૂ.૫૪૮૨ના મથાળે અથડાઈ, રૂ.૫૫૨૭ના આગલા બંધ સામે રૂ.૩૦ ઘટી રૂ.૫૪૯૭ના સ્તરે પહોંચ્યો હતો. ક્રૂડ તેલ-મિની ઓક્ટોબર વાયદો રૂ.૨૯ ઘટી રૂ.૫૫૦૧ થયો હતો. નેચરલ ગેસ સપ્ટેમ્બર વાયદો એમએમબીટીયુદીઠ ૬૦ પૈસા ઘટી રૂ.૨૫૩.૬ થયો હતો. નેચરલ ગેસ-મિની સપ્ટેમ્બર વાયદો ૬૦ પૈસા ઘટી રૂ.૨૫૩.૭ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ સપ્ટેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૯૮૮.૯ના ભાવે ખૂલી, ૩૦ પૈસા ઘટી રૂ.૯૮૩.૨ થયો હતો. એલચી સપ્ટેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૨૬૫૦ના ભાવે ખૂલી, રૂ.૮ ઘટી રૂ.૨૬૪૩ના સ્તરે પહોંચ્યો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ. ૧૯૯૩૯.૪૩ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ. ૧૧૨૫૨.૪૨ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાંના વાયદાઓમાં રૂ. ૭૩૬.૭૭ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ. ૧૨૯.૮૯ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ. ૨૮.૫૩ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ. ૩૮૬.૨૬ કરોડનાં કામકાજ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૨૧૦૯૧ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૫૫૦૮૦ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૧૭૧૮૯ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૨૧૩૧૪૩ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૨૦૭૨૩ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૨૧૫૦૮ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૪૭૩૪૬ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૧૫૨૨૯૩ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૧૯૨૮ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૪૭૪૩ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૪૬૫૪૬ લોટના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ સપ્ટેમ્બર વાયદો ૨૬૦૦૦ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૨૬૨૦૦ પોઈન્ટના સ્તર અને નીચામાં ૨૬૦૦૦ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૪૭૩ પોઈન્ટ વધી ૨૬૨૦૦ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો.

કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ ઓક્ટોબર રૂ.૫૬૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૧૧.૩ ઘટી રૂ.૧૩૪.૨ના ભાવે બોલાયો હતો. જ્યારે નેચરલ ગેસ સપ્ટેમ્બર રૂ.૨૬૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૧.૨૫ ઘટી રૂ.૧.૯૫ના ભાવે બોલાયો હતો.

સોનું સપ્ટેમ્બર રૂ.૧૧૨૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૨૭૯.૫ વધી રૂ.૩૩૩ થયો હતો. આ સામે ચાંદી સપ્ટેમ્બર રૂ.૧૩૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૫૧૦ વધી રૂ.૭૩૬.૫ થયો હતો. તાંબું સપ્ટેમ્બર રૂ.૯૧૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૮૮ પૈસા વધી રૂ.૩.૫૫ના ભાવે બોલાયો હતો. જસત સપ્ટેમ્બર રૂ.૨૮૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૭૨ પૈસા વધી રૂ.૧.૪ થયો હતો.

મિની કોલ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની ઓક્ટોબર રૂ.૫૬૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૧૦.૩ ઘટી રૂ.૧૩૭.૧ના ભાવે બોલાયો હતો. નેચરલ ગેસ-મિની સપ્ટેમ્બર રૂ.૨૬૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૧.૧૫ ઘટી રૂ.૨.૦૫ના ભાવે બોલાયો હતો.

સોનું-મિની સપ્ટેમ્બર રૂ.૧૧૧૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૫૬૮.૫ વધી રૂ.૭૫૩ના ભાવે બોલાયો હતો. ચાંદી-મિની સપ્ટેમ્બર રૂ.૧૩૨૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૩૦૦ વધી રૂ.૧૮૪૦ના ભાવે બોલાયો હતો. પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ ઓક્ટોબર રૂ.૫૫૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૧૪.૪ વધી રૂ.૧૭૮ થયો હતો. જ્યારે નેચરલ ગેસ સપ્ટેમ્બર રૂ.૨૫૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૭૦ પૈસા ઘટી રૂ.૫.૨૫ના ભાવે બોલાયો હતો.

સોનું સપ્ટેમ્બર રૂ.૧૧૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૫૮૨.૫ ઘટી રૂ.૮૭ના ભાવે બોલાયો હતો. આ સામે ચાંદી સપ્ટેમ્બર રૂ.૧૨૮૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૫૨૮.૫ ઘટી રૂ.૧૮૬.૫ના ભાવે બોલાયો હતો. તાંબું સપ્ટેમ્બર રૂ.૯૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૪૭ પૈસા ઘટી રૂ.૦.૯ થયો હતો. જસત સપ્ટેમ્બર રૂ.૨૭૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૧૯ પૈસા ઘટી રૂ.૦.૦૨ના ભાવે બોલાયો હતો.

મિની પુટ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની ઓક્ટોબર રૂ.૫૬૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૧૯.૮ વધી રૂ.૨૩૫.૩૫ના ભાવે બોલાયો હતો. નેચરલ ગેસ-મિની સપ્ટેમ્બર રૂ.૨૬૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૫૦ પૈસા ઘટી રૂ.૮.૪૫ થયો હતો. સોનું-મિની સપ્ટેમ્બર રૂ.૧૧૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૬૬૦.૫ ઘટી રૂ.૧૦૬ના ભાવે બોલાયો હતો. ચાંદી-મિની સપ્ટેમ્બર રૂ.૧૩૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૧૨૧ ઘટી રૂ.૪૮૯.૫ થયો હતો.

# રાષ્ટ્રીય આયુર્વેદ દિવસ - ૨૦૨૫ અંતર્ગત સમગ્ર વર્ષ દરમિયાન રાજ્યમાં અંદાજે ૮ હજારથી વધુ આયુર્વેદિક કેમ્પ અને સ્વાસ્થ્ય શિબિરોનું આયોજન કરાશે

શરદ ઋતુમાં આવતો 'સમપ્રકાશીય દિવસ' એટલે તા. ૨૩ સપ્ટેમ્બર. આ દિવસે રાત અને દિવસ લગભગ સમાન હોય છે, જે આયુર્વેદના મૂળભૂત સિદ્ધાંતો - મન, શરીર અને સંવેદના વચ્ચે સંતુલનને પ્રતિબિંબિત કરે છે. જેથી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં આયુષ મંત્રાલય દ્વારા આયુર્વેદના મહત્વ, સર્વાંગી સ્વાસ્થ્ય અને તેની સુસંગતતા વિશે જાગૃતિ લાવવા દર વર્ષે તા. ૨૩ સપ્ટેમ્બરના રોજ 'રાષ્ટ્રીય આયુર્વેદ દિવસ' ઉજવવામાં આવે છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં અને આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશ પટેલના નેતૃત્વમાં રાજ્યના આયુષ પ્રભાગ દ્વારા સમગ્ર વર્ષ દરમિયાન સ્ત્રી અને બાળ રોગ, વયોવૃદ્ધ અવસ્થા સંબંધિત રોગ, જીવનશૈલી સંબંધિત રોગોના કાયમી નિદાન માટે રાજ્યભરમાં અંદાજે ૮ હજાર કરતાં વધુ આયુર્વેદિક કેમ્પ અને સ્વાસ્થ્ય શિબિરોનું આયોજન કરવામાં આવશે. કેન્દ્ર સરકાર દ્વારા નાગરિકોના તંદુરસ્ત સ્વાસ્થ્ય માટે આરોગ્ય ક્ષેત્રે નોંધપાત્ર કામગીરી કરવામાં આવી રહી છે. જે અંતર્ગત વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસ તા. ૧૭ સપ્ટેમ્બરથી મહાત્મા ગાંધી જયંતી તા. ૦૨ ઓકટોબર, ૨૦૨૫ સુધી "સ્વસ્થ નારી સશક્ત પરિવાર" અભિયાનની ભવ્ય ઉજવણી કરવામાં આવી રહી છે. આ ઉપરાંત હાલમાં "રાષ્ટ્રીય પોષણ માસ" પણ ઉજવવામાં આવી રહ્યો છે. જેમાં દેશની સગર્ભા મહિલાઓ, ધાત્રી માતાઓ, કિશોરીઓ અને ૬ વર્ષની વય સુધીના બાળકોના પોષણની સ્થિતિ પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવી રહ્યું છે. વધુમાં, આયુષ પ્રભાગ દ્વારા આયુર્વેદ આહાર અને સુવર્ણ પ્રાશનની કામગીરી પણ કરવામાં આવી રહી છે. આમ, સ્વાસ્થ્ય સંબંધી વિવિધ ઉપક્રમોના ત્રિવેણી સંગમ પ્રસંગે આયુષ પ્રભાગ હસ્તકના તમામ આયુષ દવાખાના, આયુષ્યમાન આરોગ્ય મંદિર, આયુર્વેદ હોસ્પિટલો તેમજ આયુષ કોલેજ સંલગ્ન હોસ્પિટલો ખાતે સ્વાસ્થ્ય સંબંધિત વિવિધ આયોજનો કરવામાં આવી રહ્યા છે. જેમાં સુવર્ણ પ્રાશન, વન ઔષધિ પ્રદર્શન, રસોડાના ઔષધો અંગે જાગૃતિ, પંચકર્મ પ્રદર્શન, હોમિયોપેથિક સારવાર, આયુર્વેદ ઓન વ્હીલ્સઃ આયુર્વેદિક ડોકટરોથી સજ્જ મોબાઈલ વાન, મેદસ્વિતા મુક્તિ અંગે માર્ગદર્શન જેવી વિવિધ સેવાઓનો સમાવેશ થાય છે.

અત્રે નોંધનીય છે કે, દેશમાં સૌપ્રથમ 'આયુર્વેદ દિવસ'ની ઉજવણી 'ડાયાબિટીસના નિવારણ અને નિયંત્રણ માટે આયુર્વેદ'ની થીમ પર વર્ષ ૨૦૧૬થી શરૂ કરવામાં આવી હતી. લાઈફ સ્ટાઈલ ડિસઓર્ડર એટલે કે જીવનશૈલી સંબંધિત વિકૃતિઓ, આબોહવા સંબંધિત રોગો અને સ્ટ્રેસ મેનેજમેન્ટ જેવા વૈશ્વિક સ્વાસ્થ્ય પડકારોને ધ્યાનમાં રાખીને "આયુર્વેદ ફોર પીપલ એન્ડ પ્લેનેટ" થીમ પર ચાલુ વર્ષે ૧૦માં 'આયુર્વેદ દિવસ-૨૦૨૫'ની ઉજવણી કરવામાં આવી રહી છે.

જીગર બારોટ

**તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ શરૂ કરેલી ખેલ મહાકુંભ બની ગેમ ચેન્જર, ૨૬ લાખથી વધુ મહિલાઓનું રજિસ્ટ્રેશન**

# ખેલજગતમાં નારી શક્તિઃ સરિતા ગાયકવાડ, માના પટેલ, અંકિતા રૈના, ઈલાવેનિલ વાલારિવન જેવી ખેલાડીઓએ ગુજરાતનું નામ આંતરરાષ્ટ્રીય સ્તરે કર્યું રોશન

**સ્પોર્ટ્સમાં મહિલાઓને પ્રોત્સાહન આપવા માટે પ્રતિબદ્ધ ગુજરાત સરકાર, શક્તિદૂત યોજના અંતર્ગત મહિલા ખેલાડીઓને વર્ષ ૨૦૨૪-૨૫માં રૂા.૧૪૭ લાખથી વધુની નાણાકીય સહાયનું વિતરણ**









નવરાત્રિ એટલે શક્તિનાં નવ સ્વરૂપની આરાધનાનો મહોત્સવ. નવરાત્રિનો તહેવાર સ્ત્રી શક્તિનું પ્રતીક માનવામાં આવે છે. આપણાં દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ વિકસિત ભારત@૨૦૪૭ વિઝનમાં મહિલા સશક્તિકરણ પર હંમેશા ભાર મૂક્યો છે. ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી અને હવે ભારતના વડાપ્રધાન તરીકે તેમણે સામાજિક, શૈક્ષણિક, રાજકીય વગેરે ક્ષેત્રોમાં મહિલાઓ આગળ આવે તેવા સતત પ્રયાસો કર્યા છે. આમાં રમતગમત ક્ષેત્ર પણ બાકાત નથી.

ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી તરીકે તેમણે શરૂ કરેલી ખેલ મહાકુંભની પહેલ અને એ તર્જ પર રાષ્ટ્રીય સ્તરે લૉન્ચ થયેલા ખેલો ઈન્ડિયા કાર્યક્રમના પરિણામે દેશની મહિલા ખેલાડીઓની પ્રતિભા ખીલી છે અને તેમણે આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતનું નામ રોશન કર્યું છે.

ગુજરાતની મહિલા ખેલાડીઓએ આંતરરાષ્ટ્રીય સ્તરે વગાડ્યો ડંકો, ખેલ મહાકુંભમાં ૨૬ લાખથી વધુ મહિલાઓનું રજિસ્ટ્રેશન

ગુજરાત રાજ્યની વાત કરીએ તો સરિતા ગાયકવાડ (દોડ), માના પટેલ (સ્વિમિંગ), અંકિતા રૈના (ટેનિસ), ઈલાવેનિલ વાલારિવન (શૂટિંગ), ભાવિના પટેલ (ટેબલ ટેનિસ) વગેરે મહિલાઓએ રમતગમત ક્ષેત્રે કાઠું કાઢ્યું છે અને ગુજરાત રાજ્યનું નામ આંતરરાષ્ટ્રીય સ્તરે રોશન કર્યું છે. આ ખેલાડીઓએ રાજ્યની અન્ય મહિલાઓને ખેલકૂદ ક્ષેત્રે આગળ આવવા માટે પ્રેરિત કરી છે. ઉલ્લેખનીય છે કે, ૨૦૧૦માં તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ શરૂ કરેલી ખેલ મહાકુંભની પહેલના કારણે અનેક મહિલાઓ વિવિધ રમતોમાં હોંશભેર ભાગ લઈ રહી છે. ખેલ મહાકુંભ એ એશિયાનો સૌથી મોટો ગ્રાસરૂટ ટેલેન્ટ આઈડેન્ટિફિકેશન અને ડેવલપમેન્ટ પ્રોગ્રામ છે. અત્યારસુધી ખેલ મહાકુંભ માટે અત્યારસુધીમાં કુલ ૨૬ લાખ ૫૬ હજારથી વધુ મહિલાઓએ રજિસ્ટ્રેશન કરાવ્યું છે.

શક્તિદૂત યોજના અંતર્ગત મહિલા ખેલાડીઓને રૂા.૧૪૭ લાખથી વધુની પ્રોત્સાહન રકમનું વિતરણ

રાજ્યના પ્રતિભાશાળી ખેલાડીઓ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ સિદ્ધિઓ હાંસલ કરે તે ઉદ્દેશથી ગુજરાત સરકારે વર્ષ ૨૦૦૬માં શક્તિદૂત યોજના અમલમાં મૂકી છે. આ યોજના અંતર્ગત ખેલાડીઓમાં રહેલી ક્ષમતાને ધ્યાનમાં રાખીને તેમને નીડ બેઝ એટલે કે જરૂરિયાત પ્રમાણે રમતગમતની સંલગ્ન સુવિધાઓ પૂરી પાડવામાં આવે છે.

શક્તિદૂત યોજના હેઠળ અર્જુન એવોર્ડથી સન્માનિત અને વિવિધ આંતરરાષ્ટ્રીય રમતોમાં ગોલ્ડ મૅડલ મેળવીને ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર ટેનિસ પ્લેયર અંકિતા રૈનાને ૨૦૧૭થી ૨૦૨૪ દરમ્યાન રૂા.૨ કરોડ ૧૯ લાખથી વધુની સહાય ચૂકવાઈ છે. સ્વિમર માના પટેલને શક્તિદૂત યોજના હેઠળ ૨૦૧૭થી ૨૦૨૪ દરમ્યાન રૂા.૬૭,૫૦,૭૯૮ની સહાય ચૂકવાઈ છે. માના પટેલ રાજ્યમાંથી સ્વિમિંગ રમતમાં ઓલિમ્પિક્સમાં ભાગ લેનાર પ્રથમ મહિલા છે અને સાઉથ એશિયન ગેમ્સ જેવી આંતરરાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધાઓમાં અને ખેલો ઈન્ડિયા જેવી નામાંકિત રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધામાં મૅડલ પ્રાપ્ત કર્યા છે.

ડાંગ એક્સપ્રેસ તરીકે પ્રખ્યાત અને એશિયન ગેમ્સ ૨૦૧૮માં મહિલા ૪x૪૦૦ મીટર રિલે ટીમ સ્પર્ધામાં ગોલ્ડ મેડલ જીતનાર સરિતા ગાયકવાડને શક્તિદૂત યોજના હેઠળ ૨૦૧૭થી ૨૦૨૪ દરમ્યાન રૂા.૧૨ લાખની સહાય ચૂકવાઈ છે.

વર્ષ ૨૦૨૪-૨૫ની વાત કરીએ તો, ઈલાવેનિલ વાલરીવન (રાઈફલ શૂટિંગ), ઝીલ દેસાઈ (ટેનિસ), વૈદેહી ચૌધરી (ટેનિસ), અંકિતા રૈના (ટેનિસ), માના પટેલ (સ્વિમિંગ), સનોફર પઠાન (કુસ્તી), તસ્નીમ મીર (બેડમિન્ટન), પેરા ઓલિમ્પિક ૨૦૨૪ માટે ભાવિના પટેલ (ટેબલ ટેનિસ) વગેરે કુલ ૧૩ મહિલા ખેલાડીઓને શકિતદૂત યોજના અંતર્ગત કુલ રૂા.૧૪૭ લાખ ૨૩ હજારથી વધુની પ્રોત્સાહન રકમ ચૂકવાઈ છે.

રમતગમતમાં પ્રોત્સાહન મળે એ માટે મહિલા ખેલાડીઓને પુરસ્કારની યોજના

ગુજરાતની મહિલાઓ રમતગમત પ્રવૃત્તિઓમાં વધુને વધુ ભાગ લેતી થાય અને રાજયકક્ષા, રાષ્ટ્રકક્ષા અને આંતરરાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધાઓમાં સિદ્ધિ પ્રાપ્ત કરે એ ઉદ્દેશથી રાજ્ય સરકાર દ્વારા 'રાજ્યની મહિલા ખેલાડીઓને રોકડ પુરસ્કાર' યોજના અમલમાં મૂકવામાં આવી છે. રમતગમત સ્પર્ધામાં વ્યક્તિગત અને સાંઘિક રમતમાં પ્રથમ તથા ગુજરાત રાજ્યનું પ્રતિનિધિત્વ કરી રાષ્ટ્રકક્ષાની સ્પર્ધામાં ભાગ લીધેલ હોય તેવી મહિલા ખેલાડીઓને વાર્ષિક રૂા.૪૮૦૦ પુરસ્કારની રકમ, દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરનારને વાર્ષિક રૂા.૩૬૦૦નો પુરસ્કાર અને તૃતીય સ્થાન પ્રાપ્ત કરનાર ખેલાડીઓને વાર્ષિક રૂા.૨૪૦૦ પુરસ્કારની રકમ આપવામાં આવે છે. ઉલ્લેખનીય છે કે, અત્યારસુધીમાં આ યોજના અંતર્ગત મહિલા ખેલાડીઓને કુલ રૂા.૧૧ કરોડથી વધુની સહાય આપવામાં આવી છે. છેલ્લા બે દાયકામાં ખેલકૂદ ક્ષેત્રે પરિવર્તકારી સાબિત થયા છે. ગુજરાતમાં આજે વૈશ્વિક કક્ષાનું સ્પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઊભું થયું છે અને ૨૦૦૨ પહેલાં રાજ્યનું સ્પોર્ટ્સ બજેટ માત્ર રૂા.૨.૫ કરોડ હતું, તે આજે રૂા.૪૮૪ કરોડથી વધુનું થયું છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં લૉન્ચ થયેલી સ્પોર્ટ્સ પોલિસી ૨૦૨૨-૨૭એ રાજ્યમાં રમતગમતને પ્રોત્સાહન આપવામાં અને રમતવીરોની પ્રતિભાને વૈશ્વિક સ્તરે લઈ જવામાં નોંધનીય ભૂમિકા ભજવી છે.

ગરવી ગુજરાતમાં આપના વિસ્તારની સમસ્યા, સંસ્થાના વિકાસલક્ષી સમાચાર, બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.

ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો

બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.
Email : yunushmemon@gmail.com

ગરવી ગુજરાત
ગરવી ગુજરાત
એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2008/26148 Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004, Ahmedabad,Gujarat-380 004. (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset,Bhatiya Ni Wadi, Opp Railway Station, Kalupur, Ahmedabad,-380002,Ahmedabad,Gujarat-380 002 (3) HARDIK MAHESHBHAI DESAI at Bhoomi Offset,Bhatiya Ni Wadi, Opp Railway Station, Kalupur, Ahmedabad,-380002, Ahmedabad,Gujarat-380 002. and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI

### ગુજરાતના પશુપાલન મંત્રી શ્રી રાઘવજી પટેલે બેઠકમાં સહભાગી થઈ ભારત સરકાર સમક્ષ ગુજરાતના સૂચનો-મંતવ્યો રજૂ કર્યા

# કેન્દ્રીય પશુપાલન અને ડેરી ઉદ્યોગ મંત્રી શ્રી રાજીવ રંજનસિંહની અધ્યક્ષતા હેઠળ વિવિધ રાજ્યોના પશુપાલન મંત્રીશ્રીઓ સાથે ઉચ્ચ સ્તરીય વર્ચ્યુઅલ પરામર્શ બેઠક યોજાઈ




કેન્દ્રીય પશુપાલન અને ડેરી ઉદ્યોગ મંત્રી શ્રી રાજીવરંજન સિંહની અધ્યક્ષતામાં તેમજ કેન્દ્રીય રાજ્ય મંત્રી શ્રી એસ.પી. સિંઘ બઘેલની પ્રેરક ઉપસ્થિતિમાં આજે દેશના વિવિધ રાજ્યોના પશુપાલન મંત્રીશ્રીઓ સાથે વર્ચ્યુઅલ માધ્યમથી પરામર્શ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં ગુજરાતના પશુપાલન મંત્રી શ્રી રાઘવજી પટેલ, પશુપાલન વિભાગના સચિવ શ્રી સંદીપકુમાર અને પશુપાલન નિયામક ડૉ. ફાલ્ગુની ઠાકર ઉપસ્થિત રહ્યા હતા. ભારતને વર્ષ ૨૦૪૭ સુધીમાં વિકસિત રાષ્ટ્ર બનાવવામાં દેશના પશુપાલન અને ડેરી ક્ષેત્રનું યોગદાન સુનિશ્ચિત કરવા માટે દેશના પશુપાલન ક્ષેત્ર માટે વ્યાપક કાયદાકીય, નીતિગત, સંસ્થાકીય અને પ્રક્રિયાત્મક સુધારણાની વ્યૂહરચનાઓ તેમજ ભારત સરકારની હાલની યોજનાઓમાં ફેરફાર કરવા અંગે કેન્દ્રીય પશુપાલન અને ડેરી વિભાગ દ્વારા રાજ્યના પશુપાલન મંત્રીશ્રીઓ સાથે આ ઉચ્ચ સ્તરીય પરામર્શ બેઠકનું અયોજન કરવામાં આવ્યું હતું.

આ બેઠકમાં મંત્રી શ્રી રાઘવજી પટેલે જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વિઝન અનુસાર વર્ષ ૨૦૪૭ સુધીમાં ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવા માટે ગુજરાતે રોડ મેપ અને ગુજરાત વિઝન ડોક્યુમેન્ટ તૈયાર કર્યું છે. જેમાં દૂધ ઉત્પાદન, પ્રતિ પશુ ઉત્પાદન અને ડેરી ઉત્પાદનોના નિકાસ વધારવા જેવા વિકાસલક્ષી ઉદ્દેશો સામેલ હોવાનો અને કેન્દ્ર સરકાર દ્વારા પરામર્શ બેઠકના રજૂ થયેલા સંભવિત સુધારાઓથી ગુજરાત સરકારને પોતાના લક્ષ્યોને સિદ્ધ કરવામાં મજબૂત આધાર મળશે.

દેશી ઓલાદના પશુધનનું સંવર્ધન અને સંરક્ષણ, એન્ટી માઈક્રોબીયલ રેસીસ્ટન્સના પડકારોના સમાધાન તેમજ "વન હેલ્થ" અભિગમ હેઠળ માનવ-પશુ-પર્યાવરણ આરોગ્યના સંતુલન માટે ભારતીય પશુ ચિકિત્સા અનુસંધાન પરિષદ (ICVR) ની સ્થાપના અતિ આવશ્યક હોવાનો મંત્રીશ્રીએ ઉલ્લેખ કર્યો હતો.

તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે, ભારત સરકાર દ્વારા સેન્ટ્રલ લાઈવસ્ટોક ફીડ એક્ટ લાવી, સમાન કાનૂન અમલ કરવામાં આવે તો ખેડૂતોના ખર્ચમાં ઘટાડો, પશુપાલન ઉત્પાદનોની ગુણવત્તામાં વૃદ્ધિ અને આંતરરાષ્ટ્રીય નિકાસમાં વધારો થશે.

નેશનલ લાઈવસ્ટોક મિશનમાં કોમર્શિયલ પોલ્ટ્રી વેરાયટીઝનો સમાવેશ કરવા ઉપરાંત સેક્સડ સીમન તથા IVF ટેક્નોલોજીના વ્યાપક ઉપયોગ માટે રાજ્ય સરકાર અને પશુપાલકો માટે સહાય યોજના જાહેર કરવા માટે પણ પશુપાલન મંત્રીશ્રીએ સૂચન કર્યું હતું. આવકવેરો, વિજળી કનેક્શન અને ટેરિફ, સંસ્થાગત નાણાકીય ધિરાણ જેવા વિષયોમાં પશુપાલન ક્ષેત્રને કૃષિ સમાન દરજ્જો આપવાની બાબત એક ક્રાંતિકારી પગલું પૂરવાર થશે. આ પહેલથી ગ્રામ્ય અર્થતંત્ર વધુ મજબૂત બનશે, તેવો આશાવાદ પશુપાલન મંત્રીશ્રીએ વ્યક્ત કર્યો હતો. પશુપાલકોની આવક વધારવા માટે પશુપાલન ક્ષેત્રને ઉદ્યોગરૂપે વિકસાવવા તેમજ ગ્રામ્ય અર્થતંત્રને મજબૂત બનાવવાની દિશામાં કેન્દ્ર સરકારના સુધારાત્મક પગલાં મહત્વપૂર્ણ સાબિત થશે, તેમ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું.

### ઝડપી અને પારદર્શક પ્રક્રિયા દ્વારા ગરીબ પરિવારોના સપનાને સાકાર કરતી સંવેદનશીલ પહેલ

# ગરીબ - મધ્યમવર્ગીય પરિવારોના 'ઘરના ઘર'નું સ્વપ્ન સાકાર કરવા દસ્ક્રોઈ તાલુકાના ઓડ ગામના ૪૧ પરિવારોને વિનામૂલ્યે પ્લોટની ફાળવણી કરાઈ

ઘરનું ઘર હોવું એ દરેક વ્યક્તિનું સ્વપ્ન હોય છે. પરંતુ ઘણા ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારો માટે આ સપનું માત્ર એક સ્વપ્ન બની રહે છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના સંવેદનશીલ વહીવટ અંતર્ગત ઘર વિહોણા પરિવારો માટે રાજ્ય સરકાર દ્વારા ગામતળ નીમ કરવા તથા પાત્રતા ધરાવતા લાભાર્થીઓને વિનામૂલ્યે પ્લોટ ફાળવવાની યોજના અમલમાં મૂકવામાં આવી છે.

આ યોજના હેઠળ એક જ દિવસમાં અમદાવાદના દસક્રોઈ તાલુકાના ઓડ ગામના ૪૧ પ્લોટ વિહોણા લાભાર્થીઓને સ્થળ પર જ પ્લોટ ફાળવણી હુકમ, પ્લોટની સનદ અને કબજા પાવતી (હક) આપીને ઘરના ઘરનું સ્વપ્ન સાકાર કરવાની દિશામાં મહત્વનું પગલું ભર્યું છે.

પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ દ્વારા અમલી યોજનાનો મુખ્ય હેતુ ગ્રામીણ વિસ્તારમાં રહેતા ઘર વિહોણા કુટુંબોને પોતાનું ઘર બનાવવા માટે ૧૦૦ ચોરસ વારના પ્લોટ વિનામૂલ્યે આપવાનો છે.

આ યોજના હેઠળ, પાત્રતા ધરાવતા લાભાર્થીઓને પ્લોટ ફાળવવાની ઝુંબેશ તા. ૨ સપ્ટેમ્બરથી હાથ ધરવામાં આવી હતી. આ ઝુંબેશના ભાગરૂપે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસ તા. ૧૭ સપ્ટેમ્બર, ૨૦૨૫એ દસ્ક્રોઈ તાલુકાના ઓડ ગામે એક વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ઓડ ગામના ૪૧ પ્લોટ વિહોણા લાભાર્થીઓને સ્થળ પર જ પ્લોટ ફાળવણી હુકમ, પ્લોટની સનદ અને કબજા પાવતી (હક) આપવામાં આવી છે. ગ્રામ પંચાયતથી મહેસૂલ વિભાગ સુધી માત્ર ૧૫ દિવસના ટૂંકા સમયગાળામાં સમગ્ર પ્રક્રિયા પૂર્ણ કરીને જરૂરીયાતમંદોને પ્લોટ ફાળવવામાં આવ્યા છે.

આ પ્રસંગે સાંસદ શ્રી દેવુસિંહ ચૌહાણ અને ધારાસભ્ય શ્રી બાબુભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. તેમના હસ્તે લાભાર્થીઓને આ પ્લોટના દસ્તાવેજો આપવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવોએ ગુજરાત સરકારની આ જનકલ્યાણકારી યોજનાની પ્રશંસા કરી જણાવ્યું હતું કે, અમારી સરકારનો મુખ્ય ઉદ્દેશ્ય દરેક નાગરિકને પાયાની સુવિધાઓ પૂરી પાડવાનો છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના "સૌને આવાસ"ના સંકલ્પને સાકાર કરવાની દિશામાં આ યોજના એક મહત્વપૂર્ણ પગલું સાબિત થઈ રહી છે.

ઓડ ગામના આ ૪૧ પરિવારો માટે આ પ્લોટ માત્ર જમીનનો ટુકડો નથી, પરંતુ તે તેમના ભવિષ્યનો આધાર છે. હવે તેઓ પોતાના સપનાનું ઘર બનાવી ગૌરવભેર જીવન જીવી શકશે. આ યોજનાએ દર્શાવ્યું છે કે ગુજરાત સરકાર માત્ર કાયદાઓ અને નિયમોનું પાલન પ્રત્યે જ નહીં પરંતુ નાગરિકોની જરૂરિયાતો પ્રત્યે પણ તેટલી જ સંવેદનશીલ છે.

રાજ્ય સરકાર ગરીબ અને જરૂરિયાતમંદ પરિવારોને સન્માનભેર જીવન જીવવાની તક આપી અન્ય રાજ્યો માટે સાચા સુશાસનનું ઉદાહરણ બની રહી છે. દસ્ક્રોઈ તાલુકા વહીવટી તંત્રની ઝડપી અને પારદર્શક પ્રક્રિયાના પરીણામે આ પરીવારોને ઝડપથી પ્લોટની ફાળવણી કરવામાં આવી છે. આ યોજનાએ હજારો પરિવારોના જીવનમાં ખુશી અને આશાનું નવું કિરણ પ્રગટાવ્યું છે.

- ઋચા રાવલ

### રેલવે સુરક્ષા દળ સ્થાપના દિવસના ઉપક્રમે

# વડોદરા મંડળના વરિષ્ઠ મંડળ સુરક્ષા આયુક્ત શ્રી ફ્રાન્સિસ લોબોના માર્ગદર્શન હેઠળ રેલવે સુરક્ષા બળ દ્વારા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું



તારીખ ૨૦ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ સુરક્ષા દળ સ્થાપના દિવસના ઉપક્રમે વડોદરા મંડળના વરિષ્ઠ મંડળ સુરક્ષા આયુક્ત શ્રી ફ્રાન્સિસ લોબોના માર્ગદર્શન હેઠળ રેલવે સુરક્ષા બળ દ્વારા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું. આ અવસર પર વડોદરા મંડળના મંડળ રેલ પ્રબંધક શ્રી રાજૂ ભડકે સહિત અન્ય વરિષ્ઠ અધિકારીઓ તથા રેલવે કર્મચારીઓ હાજર રહ્યા અને કાર્યક્રમોમાં સક્રિય રીતે સહભાગી બન્યા.આ કાર્યક્રમોનો ઉદ્દેશ્ય દળના સભ્યોમાં સામાજિક જવાબદારીની ભાવના જાગૃત કરવાનો, સામાન્ય નાગરિકોને જાગૃત કરવાનો અને પર્યાવરણીય સંરક્ષણને પ્રોત્સાહન આપવાનો હતો. આયોજિત મુખ્ય કાર્યક્રમોમાં મંડળ સ્તરે આયોજિત રક્તદાન શિબિર (જ્યાં ૪૧ દળ સભ્યો તથા ૧૩ બહારના વ્યક્તિઓ સહિત કુલ ૫૪ યુનિટ રક્તદાન થયું) વિવિધ સ્થળોએ વૃક્ષારોપણ, પોસ્ટો અને બેરકોમાં સ્વચ્છતા અભિયાન, સરદારનગર રેલવે કોલોનીમાં સ્વચ્છતા જાગૃતિ રેલી તથા છોડોના સંરક્ષણનો સંકલ્પ, દીપક ફાઉન્ડેશન (CWC)ના બાળ સંરક્ષણ ગૃહમાં બાળકોનું ઉત્સાહવર્ધન તથા યાત્રી ગાડીઓમાં ''મારી સહેલી'', રેલવે હેલ્પલાઈન ૧૩૯ તથા જહરખુરાની વિષયક જાગૃતિ અભિયાન સામેલ રહ્યા. આ રીતે વડોદરા મંડળ દ્વારા રેલવે સુરક્ષા દળ સ્થાપના દિવસ નિમિત્તે સમાજહિત તથા જનજાગૃતિ સાથે જોડાયેલા વિવિધ કાર્યક્રમો સફળતાપૂર્વક આયોજિત કરવામાં આવ્યા. દળના સભ્યોએ ઉત્સાહ અને ઊર્જા સાથે સક્રિય ભાગ લઈ સ્થાપના દિવસને સફળ તથા ગૌરવમય બનાવ્યો.


**પશ્ચિમ રેલ્વે**

**સીસીટીવી કેમેરાની જોગવાઈ**

Sr. DEE/P/મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ દ્વારા ઈ-ટેન્ડર નંબર: EL-166-156-WA-45 તા. 19-09-2025 આમંત્રિત કરવામાં આવે છે. કાર્ય અને સ્થાન: મુંબઈ વિભાગ:- લિફ્ટ અને એસ્કેલેટર સ્થાનો પર સીસીટીવી કેમેરાની જોગવાઈ. અંદાજિત કાર્ય કિંમત: રૂ. 2,55,00,010/-. EMD: રૂ. 2,77,500/-. સબમિશનની તારીખ અને સમય: તા. 16.10.2025 ના 15:00 કલાક સુધી. ખુલવાની તારીખ અને સમય: તા. 16.10.2025 ના રોજ 15:30 કલાકે. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઇટ www.ireps.gov.in ની મુલાકાત લો

0628

અમને લાઈક કરો: facebook.com/WesternRly



**AHMEDABAD MUNICIPAL CORPORATION**

**CENTRAL WORKSHOP**

**E - Tender Notice**

Tender No. 61 & 62/2025-26 For Deep Tracker Machine & SITC of RTS equipments as per AMC tender scope of work and terms - conditions.

| | |
|---|---|
| Online Submission upto | Date 13/10/2025 up to 18.00 Hrs. |
| Details and Tenders available on | www.tender.nprocure.com<br>www.ahmedabadcity.gov.in |




### રાજ્યના ૬.૪૨ લાખ અધિકારી-કર્મચારી અને પેન્શનર્સને રૂ. ૧૦ લાખની કેશલેસ સહાય મળશે

# નવરાત્રીના પહેલા જ નોરતે રાજ્યના નાગરિકોની આરોગ્ય સુખાકારીમાં વધારો કરતી મુખ્યમંત્રીશ્રીએ ભેટ આપી - આરોગ્યમંત્રી શ્રી ઋષિકેશ પટેલ

### તા. ૨૨ સપ્ટેમ્બરે PMJAY યોજનાને ૭ વર્ષ પૂર્ણ થવાના અવસરે રાજ્યમાં "ગુજરાત કર્મયોગી સ્વાસ્થ્ય સુરક્ષા યોજના"નો પ્રારંભ




આરોગ્યમંત્રીશ્રી ઋષિકેશ પટેલે મીડિયાને સંબોધતા જણાવ્યું કે, નવરાત્રીના પહેલા જ નોરતે રાજ્યના નાગરિકોની આરોગ્ય સુખાકારીમાં વધારો કરતી મુખ્યમંત્રીશ્રીએ ભેટ આપી છે. આજે દેશમાં પ્રધાનમંત્રી જન આરોગ્ય - આયુષ્યમાન યોજનાને ૭ વર્ષ પૂર્ણ થવાના અવસરે ગુજરાતમાં રાજ્યના અધિકારી-કર્મચારીઓ અને પેન્શનર્સ માટે "ગુજરાત કર્મયોગી સ્વાસ્થ્ય સુરક્ષા યોજના(G- કેટેગરી)" નો શુભારંભ થયો છે. જેના પગલે રાજ્યના ૬.૪૨ લાખ જેટલા અધિકારી-કર્મચારી અને પેન્શનર્સને આ યોજના હેઠળ રૂ. ૧૦ લાખની કેશલેસ સારવારનો લાભ મળશે. આ યોજના માટે રાજ્ય સરકારને વાર્ષિક રૂ. ૩૦૩.૫ કરોડનો ખર્ચ થશે.

અત્રે નોધનીય છે કે, વર્ષ ૨૦૧૮ થી વર્ષ ૨૦૨૫ સુધીમાં કુલ ૨.૯૨ લાખ લાભાર્થીઓ પાસે આયુષ્માન કાર્ડ પહોંચ્યા છે. જેમાં કુલ ૫૧.૨૭ લાખ દાવાઓ માટે કુલ રૂ. ૧૩,૯૪૬.૫૩ કરોડની ક્લેઇમ ચૂકવણી કરવામાં આવી છે.હાલ રાજ્યમાં આ યોજના અંતર્ગત કુલ ૨૭૦૮ હોસ્પિટલ (જેમાં ૯૪૩ – ખાનગી , ૧૭૬૫ – સરકારી) એમ્પેન્લ્ડ છે.જેમાં ૨૪૭૧ પ્રોસિઝરનો લાભ અપાય છે. આ યોજના હેઠળની માહિતી મેળવવા કે ફરિયાદ નિવારણ માટે ૦૭૯-૬૬૪૪૦૧૦૪ હેલ્પલાઈન નંબર પણ કાર્યરત કરાયો છે.

તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી ના હસ્તે વર્ષ ૨૦૧૨ માં રૂ. ૩૦ કરોડની બજેટ જોગવાઈ થી શરૂ થયેલ મા યોજના વર્ષ ૨૦૧૪ માં મા – વાત્સલ્ય યોજનામાં પરિણમી હતી. જેમાં વર્ષ ૨૦૧૨ થી વર્ષ ૨૦૧૮ સુધીમાં રૂ. ૧૧૭૯.૧૯ કરોડના ક્લેઈમ ચૂકવણી કરાઈ હતી. ૧૦૮ એમ્બ્યુલન્સ વિષે ગુજરાતના નાગરિકોની સ્વાસ્થ્ય સેવામાં વધારો કરવા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ અને આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશ પટેલે ૯૪ નવી ૧૦૮ એમ્બ્યુલન્સને ફ્લેગઓફ આપીને પ્રસ્થાન કરાવ્યું હતું. ૧૦૮ સેવાની વધતી લોકપ્રિયતા, વિશ્વસનિયતા અને તેની કાર્યક્ષમતાના કારણે નાગરીકો તરફથી અભૂતપૂર્વ પ્રતિસાદ મળ્યો છે. આ સેવાને વધુ સુદ્રઢ અને ઝડપી બનાવવા આજે વધુ ૯૪ નવી ૧૦૮ એમ્બ્યુલન્સને નાગરિકોની સ્વાસ્થ્ય સેવામાં કાર્યરત કરવામાં આવી છે.

શ્રી ઋષિકેશ પટેલે કહ્યું હતું કે, સમગ્ર રાજ્યમાં ૧૦૮ ઈમરજન્સી સેવા હેઠળ અત્યારે ૯૧૩ એમ્બ્યુલન્સ કાર્યરત છે, જેમાં આજે નવી ૯૪ એમ્બ્યુલન્સનો વધારો થયો છે. આ ઉપરાંત રાજ્યની વિવિધ આરોગ્ય સંસ્થા અને સરકારી હોસ્પિટલોમાં કાર્યરત ૫૪૨ જેટલી એમ્બ્યુલન્સને ઈન્ટર-ફેસિલિટી ટ્રાન્સફરમાં વધુ કાર્યક્ષમ અને તેના નજીકના વિસ્તારની મેડિકલ ઈમરજન્સીમાં પ્રતિસાદ પૂરો પાડી શકાય તે માટે રાજ્યની ૧૦૮ સેવા હેઠળ ઈન્ટિગ્રેટ કરવામાં આવી છે. જેથી રાજ્યમાં ૧૦૮ સેવા હેઠળ હાલમાં ૧૫૪૯ એમ્બ્યુલન્સ થકી તમામ પ્રકારની મેડિકલ ઈમરજન્સીમાં પૂરતો એમ્બ્યુલન્સનો કાફલો, તાલીમબદ્ધ માનવબળ સાથે ઉપલબ્ધ છે.

આરોગ્ય મંત્રીશ્રીએ ૧૦૮ સેવાની કાર્યક્ષમતા વર્ણવતા કહ્યું હતું કે, ૧૦૮ ઈમરજન્સી મેડીકલ સેવા દ્વારા પ્રતિદિન સરેરાશ ૪૩૦૦ થી ૪૫૦૦ જેટલા દર્દીઓને કટોકટીના સમયે હોસ્પિટલ સુધી પહોચાડવાની નિઃશુલ્ક સેવા આપવામાં આવે છે. જેના માટે પ્રતિ માસ સરેરાશ ૩૮ લાખ કિલોમીટરનું સંચાલન કરવામાં આવે છે, જેથી રાજ્યના નાગરિકોને આ સેવાનો લાભ અવિરત ૨૪૮૭ મળતો રહે. ૧૦૮ નંબર પર આવેલા ૯૯ ટકા ફોન કોલને પ્રથમ બે રીંગમાં જ પ્રતિસાદ આપવામાં આવ્યો છે, જે આંતરરાષ્ટ્રીય સ્તર અને ધોરણ કરતાં પણ વધુ છે.

આટલું જ નહિ, અત્યાર સુધીમાં ૧૦૮ સેવા હેઠળ ૫૬ કરોડથી વધારે એમ્બ્યુલન્સના કિલોમીટરનું સંચાલન કરવામાં આવ્યું છે. જેમાં રાજ્યના ૧.૭૭ કરોડથી વધુ નાગરિકોને કટોકટીના સમયમાં સેવા આપવામાં આવી છે. સાથે જ, ૧૭ લાખથી વધુ વિકટ પરિસ્થિતીમાં મૂકાયેલી મહામૂલી માનવ જિંદગીઓને બચાવવામાં આવી છે. ૫૮.૭૦ લાખ કરતાં વધારે પ્રસૂતા માતાને કટોકટીની સ્થિતિમાં મદદ કરવામાં આવી છે. વધુમાં, ૧૦૮ એમ્બ્યુલન્સ સ્ટાફ દ્વારા ૧.૫૨ લાખથી વધુ ઘટના સ્થળે પ્રસૂતિઓમાં ૧૦૮ સેવાએ મદદ કરી છે, તેમ મંત્રીશ્રીએ ઉમેર્યુ હતું. વધુમાં તેમણે કહ્યુ હતું કે, સમગ્ર ભારતમાં પ્રથમ વખત ગુજરાત રાજ્ય દ્વારા એર એમ્બ્યુલન્સ સેવા શરુ કરવામાં આવી છે. એર એમ્બ્યુલન્સ સેવા હેઠળ અત્યાર સુધીમાં કુલ ૭૨ જેટલા ઓર્ગન તેમજ ગંભીર દર્દીઓના પરિવહન કરવામાં આવ્યા છે. આ ઉપરાંત દરિયો ખેડતા રાજ્યના માછીમારોના આરોગ્યની ચિંતા કરીને રાજ્ય સરકાર દ્વારા પોરબંદર અને ઓખા ખાતે ૧૦૮ બોટ એમ્બ્યુલન્સ સેવા ઉપલબ્ધ કરાવવામાં આવી છે. એમ્બ્યુલન્સમાં અદ્યતન મેડીકલ સાધનો, દવાઓ, વેન્ટીલેટર મશીન અને તેની સાથે ટેકનોલોજીનો સમન્વય કરવામાં આવ્યો છે. તેનો સીધો લાભ કટોકટીની પળોમાં શહેરી તેમજ ગ્રામ્ય વિસ્તારના લોકોને મળી રહ્યો છે. તદુપરાંત રિસ્પોન્સ સેન્ટરમાં કાર્યાન્વિત અદ્યતન ટેકનોલોજી અને લોકેશન બેઈઝ સર્વિસ (LBS) થી સુસજ્જ એવી CAD Application થકી સેવા માટે કોલ કરનારનું Automatically લોકેશન પ્રાપ્ત થઈ જવાથી સમયનો બચાવ થઈ રહ્યો છે અને ઘટના સ્થળે એમ્બ્યુલન્સ ઝડપથી પહોંચી રહી છે, તેમ તેમણે ઉમેર્યું હતું.

### નવરાત્રીના પાવન અવસરે મુખ્યમંત્રીશ્રીના હસ્તે રાજ્યના નાગરિકોને સ્વાસ્થ્યલક્ષી ભેટ

# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાતના અધિકારી-કર્મચારીઓ અને તેમના પરિવારની સ્વાસ્થ્ય સુખાકારી માટે "ગુજરાત કર્મયોગી સ્વાસ્થ્ય સુરક્ષા યોજના"નો પ્રારંભ કરાવ્યો

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષ સ્થાને અને આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશ પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં ગુજરાત કર્મયોગી સ્વાસ્થ્ય સુરક્ષા યોજના(G-કેટેગરી)નો ગાંધીનગર ખાતે શુભારંભ સમારોહ યોજાયો હતો.

આ સમારોહ દરમિયાન મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે વિધિવત રીતે યોજનાનો પ્રારંભ કરાવીને યોજનાની એનરોલ્મેન્ટ પ્રક્રિયા શરુ કરાવી હતી. આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીના હસ્તે આ યોજનના લાભાર્થી અધિકારી-કર્મચારીઓને પ્રતિકાત્મક રીતે આયુષ્યમાન કાર્ડ એનાયત કરવામાં આવ્યા હતા. તદુપરાંત મુખ્યમત્રીશ્રીએ ૯૪ નવી ૧૦૮ એમ્બ્યુલન્સને ફ્લેગ ઓફ આપીને તેનું લોકાર્પણ કર્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, ગુજરાતમાં ફરજ બજાવતા ઓલ ઈન્ડિયા સર્વિસીસના અધિકારીઓ અને રાજ્ય સરકારના અધિકારી-કર્મચારી, પેન્શનરો તથા તેમના પરિવાર માટે આજથી "ગુજરાત કર્મયોગી સ્વાસ્થ્ય સુરક્ષા યોજના(જ-કેટેગરી)" અમલમાં આવી છે. આ યોજના અમલમાં આવતા હવેથી સરકારી અધિકારી-કર્મચારી અને તેમના પરિવારને પણ રૂ. ૧૦ લાખ સુધીની કેશલેસ તબીબી સારવારનો લાભ મળશે અને તેમની સ્વાસ્થ્ય સુખાકારીમાં પણ વધારો થશે. આ ઉપરાંત આજે ગુજરાતના નાગરિકોને આકસ્મિક સમયમાં પ્રાથમિક સારવાર પૂરી પાડીને ગોલ્ડન અવરમાં હોસ્પિટલ સુધી પહોંચાડતી ૧૦૮ ઈમરજન્સી એમ્બ્લ્યુલન્સના નેટવર્કમાં પણ આજથી વધારો થવા જઈ રહ્યો છે. આજે લોકાર્પણ થયેલી નવી ૯૪ એમ્બ્યુલન્સમાં આધુનિક ટેકનોલોજી ઈન્ટીગ્રેટ કરીને તેને વધુ કાર્યક્ષમ અને અદ્યતન બનાવવામાં આવી છે. જેથી નાગરિકોને ક્રીટીકલ સમયમાં જરૂરી સારવાર પૂરી પાડી શકાય, તેમ તેમણે ઉમેર્યું હતું.

આ સમારોહમાં મુખ્ય સચિવ શ્રી પંકજ જોષી, આરોગ્ય વિભાગના અગ્ર સચિવ શ્રી ધનંજય દ્વિવેદી, આરોગ્ય કમિશનર-શહેરી શ્રી હર્ષદ પટેલ, આરોગ્ય કમિશનર-ગ્રામ્ય શ્રી રતનકંવર ચારણ ગઢવી સહિત આરોગ્ય વિભાગના અધિકારી-કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### નદીમાં નહીં ઉતરવાનું જાહેરનામું કાગળ ઉપર

# ધોળેશ્વર સાબરમતી નદીમાં નાહવા પડેલા મિત્રો પૈકી એકનું ડૂબી જતા મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)ગાંધીનગર

ગાંધીનગર શહેર નજીક ધોળેશ્વર પાસે પસાર થતી સાબરમતી નદીમાં અમદાવાદથી આઠેક જેટલા મિત્રો નદીમાં નાહવા માટે પડયા હતા. જે પૈકી એક યુવાનનું નદીના ઊંડા પાણીમાં ડૂબી જવાને કારણે મોત થયું છે. અહીં પ્રતિબંધ હોવા છતાં નદીમાં નાહવાની પ્રવૃત્તિ વધી હોવાથી જાહેરનામું કાગળ ઉપર જ રહી ગયું હોવાનું લાગી રહ્યું છે.ગાંધીનગર જિલ્લામાંથી પસાર થતી સાબરમતી નદીમાં ઊંડા ખાડા છે અને આ સ્થિતિમાં વરસાદી પાણી આવ્યા બાદ હવે આ ખાડાઓમાં પાણી ભરાઈ રહ્યા છે. જેથી જિલ્લામાં નદી અને તળાવમાં નહીં આવવા માટે વહીવટી તંત્ર દ્વારા જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે પરંતુ તેનું પાલન થતું નથી. આજે મોટી સંખ્યામાં લોકો ધોળેશ્વર પાસે સાબરમતી નદીમાં નાહવા માટે પડયા હતા તે દરમિયાન અમદાવાદના એક યુવાનનું મોત થયું હોવાનું બહાર આવ્યું છે. જે ઘટના સંદર્ભે પોલીસ સૂત્રોમાંથી મળતી વિગતો પ્રમાણે અમદાવાદ ઈન્કમટેક્સ ખાતે આવેલી પીજીમાં રહેતા ૮ જેટલા મિત્રો પિતૃ અમાવસ્યા નિમિત્તે ધોળેશ્વર મંદિરે દર્શન કરવા માટે આવ્યા હતા અને તેમણે જોયું તો નદીમાં મોટી સંખ્યામાં લોકો નાહવા માટે પડયા હતા. જેના પગલે આ યુવાનો પણ અહીં નદીના પાણીમાં નાહવા માટે ઉતર્યા હતા. જે પૈકી મૂળ મહારાષ્ટ્રનો યુવાન ગૌતમ શ્યામભાઈ દુરાંગ નદીના પાણીમાં ડૂબવા લાગ્યો હતો. જેના પગલે અન્ય મિત્રોએ બૂમાબૂમ કરી હતી અને તેનો મિત્ર કુલદીપ પ્રજાપતિ નદીમાં કૂદી પડયો હતો પરંતુ બંનેને બચાવવાનો પ્રયાસ કર્યો હતો જો કે કુલદીપને બહાર કાઢી લેવામાં આવ્યો હતો પરંતુ ગૌતમ પાણીમાં ડૂબી ગયો હતો. જે સંદર્ભે ગાંધીનગર ફાયર બ્રિગેડને જાણ કરવામાં આવી હતી પરંતુ ફાયર બ્રિગેડના હાથમાં કંઈ આવ્યું નહોતું અને પરત ફરી હતી ત્યારે સ્થાનિક તરવૈયાઓને રૂપિયા આપીને આ યુવાનના મૃતદેહને બહાર કાઢવામાં આવ્યો હતો. જે અંગે હાલ પોલીસે અકસ્માતે મોત દાખલ કરી તપાસ શરૂ કરી છે.

### મહેસાણા ખાતે ઉત્તર ગુજરાતની વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સમાં ગુજરાતનું કોપર માઈનિંગ બનશે ચર્ચાનું કેન્દ્ર

# આત્મનિર્ભર ભારત' તરફ વધુ એક ડગલું, ઈન્ડિયન બ્યુરો ઑફ માઈન્સ દ્વારા અંબાજી કોપર પ્રોજેક્ટ પ્લાનને મંજૂરી

### ગુજરાતનો પ્રથમ અન્ડરગ્રાઉન્ડ માઈનિંગ પ્રોજેક્ટ હશે અંબાજી કોપર પ્રોજેક્ટ, રોજગારીની અઢળક તકોનું સર્જન કરશે

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના 'આત્મનિર્ભર ભારત' અને 'વિકસિત ગુજરાતથી વિકસિત ભારત'ના વિઝનને સાકાર કરવાની દિશામાં ગુજરાત મિનરલ ડેવલપમેન્ટ કોર્પોરેશન (GMDC) લિમિટેડ મહત્વપૂર્ણ સીમાચિહ્ન હાંસલ કરવા જઈ રહ્યું છે. GMDC મહત્વકાંક્ષી અંબાજી કોપર પ્રોજેક્ટ હાથ ધરશે, જે ભારતના કોપર ઉદ્યોગને મજબૂત બનાવશે અને દેશની કોપર પરની નિર્ભરતા ઘટાડશે. ઉલ્લેખનીય છે કે, હાલમાં ભારત તેના કુલ તાંબાના વપરાશના ૯૦% આયાત કરે છે. અંબાજી કોપર પ્રોજેક્ટમાં માઈનિંગ અને પ્રોસેસિંગની ઈન્ટિગ્રેટેડ સિસ્ટમ હશે, જે વ્યાપક ઉત્પાદન અને મજબૂત પુરવઠો સુનિશ્ચિત કરશે. આ પ્રોજેક્ટ સાથે અંબાજી ઔદ્યોગિક વિસ્તરણ, રોજગાર સર્જન અને ખનિજ સપ્લાયમાં ઉદાહરણ સ્થાપિત કરશે.

ગુજરાતના ખનિજ સમૃદ્ધ ક્ષેત્રમાં સ્થિત અંબાજી કોપર પ્રોજેક્ટ હેઠળ એક જ અત્યાધુનિક સુવિધામાં સંશોધન, માઈનિંગ અને પ્રોસેસિંગ થશે. ૧૮૫ હેક્ટરમાં ફેલાયેલા આ પ્રોજેક્ટમાં તાંબુ, સીસું અને જસતનો ભંડાર છે. GMDCનો અંદાજ છે કે, આ ખનિજોનો લગભગ ૧ કરોડ ટન જથ્થો છે, જેની કુલ કિંમત રૂા.૨૨,૦૦૦ કરોડ છે- જેમાં ફક્ત તાંબાનો હિસ્સો રૂા.૧૮,૦૦૦ કરોડનો છે. તાંબાના મૂલ્યને ધ્યાનમાં લેતાં આ પ્રોજેક્ટ વિશ્વની ટોચની ૧૦ કોપર એસેટ્સ પૈકી એક માનવામાં આવે છે. આ ઉપરાંત, ૧૮૫ હેક્ટર પ્રોજેક્ટ વિસ્તારમાં કુલ ૨૪,૦૦૦ મીટર ડ્રિલિંગનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાંથી ૯,૩૦૦ મીટર ડ્રિલિંગ પૂર્ણ થઈ ચૂક્યું છે. ઉલ્લેખનીય છે કે, ઈન્ડિયન બ્યુરો ઑફ માઈન્સે તાજેતરમાં અંબાજી કોપર પ્રોજેક્ટ માટે માઈનિંગ પ્લાનને મંજૂરી આપી છે. આ પ્રોજેક્ટ ગુજરાતનો પ્રથમ અન્ડરગ્રાઉન્ડ માઈનિંગ પ્રોજેક્ટ હશે, જે ૨,૨૦૦થી વધુ પ્રત્યક્ષ અને પરોક્ષ રોજગારીની તકોનું સર્જન કરશે.

ઈલેક્ટ્રિક વાહનો અને નવીનીકરણીય ઊર્જાના ઉદભવ સાથે તાંબાની માંગ ઝડપથી વધી રહી છે, ત્યારે એકલું અંબાજી ભારતની તાંબાની જરૂરિયાતના લગભગ પાંચમા ભાગને પૂર્ણ કરવાની ક્ષમતા ધરાવે છે. આગામી દાયકામાં દેશમાં આ એકમાત્ર મલ્ટી-મેટલ ખાણ હશે, જે આત્મનિર્ભર અને સંસાધન-મજબૂત ભારતના સંકલ્પમાં ગુજરાતના નેતૃત્વને પ્રતિબિંબિત કરે છે. તાંબુ એ આધુનિક માળખાગત સુવિધાઓનો આધારસ્તંભ છે, જે ઘરો અને હાઈવેથી લઈને ઈલેક્ટ્રિક વાહનો, પાવર ગ્રીડ અને નવીનીકરણીય ઊર્જા પ્રણાલીઓમાં વપરાય છે. ઔદ્યોગિક ઉત્પાદન ઉપરાંત, અંબાજી પ્રોજેક્ટ પ્રાદેશિક વિકાસને પણ વેગ આપશે. નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં ભારતનું રિફાઈન્ડ કોપર ઉત્પાદન ૫.૭૩ લાખ ટન સુધી પહોંચ્યું, જે વાર્ષિક ધોરણે ૧૨.૫% વધુ છે. મોટાભાગના તાંબાનો ઉપયોગ મોબિલિટી સેક્ટર (૩૪%), ત્યારબાદ માળખાગત સુવિધાઓ (૧૪%), ઔદ્યોગિક ઉપયોગ (૧૪%), ગ્રાહક ઉપકરણો (૧૩%), મકાન અને બાંધકામ (૧૧%) અને કૃષિ (૬%) માં થાય છે. GMDCનો અંબાજી કોપર પ્રોજેક્ટ ગુજરાતની વ્યૂહાત્મક દૂરંદેશી દર્શાવે છે, જે તાંબા ઉદ્યોગમાં ભારતની આત્મનિર્ભરતા સુનિશ્ચિત કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. આગામી ૯-૧૦ ઓક્ટોબરના રોજ મહેસાણા ખાતે ઉત્તર ગુજરાતની વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સમાં અંબાજીનું કોપર માઈનિંગ ચર્ચાનું કેન્દ્ર બનશે. આ કાર્યક્રમમાં ૯ ઓક્ટોબરે GMDC દ્વારા મહત્વપૂર્ણ ખનિજો પર સેમિનારનું આયોજન કરવામાં આવશે.

### દુર્લભ બિમારીનું શિકાર બન્યું ૭ વર્ષનું બાળક

# ડૉક્ટરોએ બાળકના પેટમાંથી કાઢ્યો વાળનો ગુચ્છો અને જૂતાની દોરી!

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદની સરકારી સિવિલ હોસ્પિટલમાં ડૉક્ટરોએ ૭ વર્ષના છોકરાના પેટમાંથી વાળનો ગુચ્છો અને જૂતાની દોરી કાઢીને તેને નવજીવન આપ્યું છે.

આ બાળક મધ્યપ્રદેશના રતલામનો રહેવાસી છે. હોસ્પિટલના સુપરિન્ટેન્ડન્ટ રાકેશ જોશીએ જણાવ્યું કે શુભમ છેલ્લા બે મહિનાથી સતત પેટમાં દુખાવો, ઊલટી અને વજન ઘટવાની સમસ્યાથી પરેશાન હતો. તેના માતા-પિતા પહેલાં તેને મધ્યપ્રદેશની એક ખાનગી હોસ્પિટલમાં લઈ ગયા હતા, પરંતુ ત્યાં તેને કોઈ રાહત મળી નહોતી.

શુભમને સિવિલ હોસ્પિટલમાં દાખલ કર્યા પછી ડૉક્ટરોએ તેનું સીટી સ્કેન અને એન્ડોસ્કોપી કરાવી. તપાસમાં જાણવા મળ્યું કે તેના પેટમાં વાળનો એક ગુચ્છો અને જૂતાની દોરી ફસાયેલા છે. સિવિલ હોસ્પિટલના શિશુ રોગ વિભાગના વડા ડૉ. જોશીએ જણાવ્યું કે ડૉક્ટરોની ટીમે જટિલ લેપરોટોમી સર્જરી દ્વારા આ ગાંઠ કાઢી નાખી. સર્જરીના ૭મા દિવસે ડાઈ ટેસ્ટ કરીને ખાતરી કરવામાં આવી કે પેટમાં કોઈ અવશેષ બાકી નથી.

હોસ્પિટલે શુભમને મનોચિકિત્સકને પણ મળાવ્યો, જેથી તે ભવિષ્યમાં આવી વસ્તુઓ ગળવાની આદત છોડી દે. ડૉક્ટરોએ કહ્યું કે આ બિમારીમાં બાળકો ઘણીવાર વાળ અથવા અન્ય નાની વસ્તુઓ ગળી જાય છે, જેને અટકાવવું જરૂરી છે.

ડૉ. જોશીએ જણાવ્યું કે શુભમને 'ટ્રાઈકોબેઝોઅર' નામની દુર્લભ બિમારી હતી. જેમાં બાળકો વાળ ગળી જાય છે. આ વાળ પેટમાં ફસાઈને ગાંઠ બનાવી દે છે. આ બિમારીના લક્ષણોમાં પેટમાં દુખાવો કે સોજો, ઊલટી, ભૂખ ન લાગવી, વજન ઘટવું અને કબજિયાતનો સમાવેશ થાય છે. હોસ્પિટલના અધિકારીઓએ જણાવ્યું કે હવે શુભમની હાલત સંપૂર્ણપણે સ્વસ્થ છે અને તેને રજા આપી દેવામાં આવી છે. ડૉક્ટરોનું કહેવું છે કે સમયસર યોગ્ય સારવાર અને માનસિક સલાહથી બાળકના સ્વાસ્થ્ય અને જીવન બંને સુરક્ષિત રહી શકે છે.

# નવરાત્રી પર્વ અનુસંધાને રાજ્યના તમામ શહેર-જિલ્લાના એક્શન પ્લાન બાબતે રાજ્યના પોલીસ વડા શ્રી વિકાસ સહાયે વીડિયો કોન્ફરન્સના માધ્યમથી યોજી સમીક્ષા બેઠક



નવરાત્રીના પાવન પર્વને ધ્યાનમાં રાખીને આજે રાજ્યના પોલીસ વડા શ્રી વિકાસ સહાયે વિડિયો કોન્ફરન્સ દ્વારા તમામ શહેરના પોલીસ કમિશનરશ્રી, જિલ્લા પોલીસ વડાશ્રી અને રેન્જ વડાશ્રી સાથે સમીક્ષા બેઠક યોજી હતી. આ બેઠકમાં નવરાત્રી દરમિયાન કાયદો અને વ્યવસ્થા જાળવી રાખવા માટેની પોલીસની તૈયારીઓ અને વ્યવસ્થાઓ પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. તહેવાર દરમિયાન ચાર મુખ્ય બાબતો પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવા રાજ્યના પોલીસ વડા શ્રી વિકાસ સહાયે સૂચના આપી છે.

● કાયદો અને વ્યવસ્થા

નવરાત્રી દરમિયાન રાજ્યભરમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પોલીસને મજબૂત વ્યવસ્થા ગોઠવવાની સૂચના આપવામાં આવી છે. આ માટે, ૧૬ વધારાની એસઆરપી કંપનીઓ અને બે સ્ટેટ એક્શન ફોર્સની ટુકડીઓ ફાળવવામાં આવી છે. તે ઉપરાંત સંવેદનશીલ વિસ્તારોમાં ફૂટ પેટ્રોલિંગ અને વાહન પેટ્રોલિંગ વધારવા પર ભાર મૂકવામાં આવ્યો છે.

● મહિલા સુરક્ષા

મહિલાઓની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે શી ટીમને સક્રિય કરવામાં આવી છે. આ ટીમના મહિલા પોલીસકર્મીઓ ગરબા ગ્રાઉન્ડ અને અન્ય ભીડભાડવાળી જગ્યાએ વોચ માટે ટ્રેડિશનલ ડ્રેસમાં તૈનાત રહેશે, જેથી છેડતી કે અન્ય કોઈ અનિચ્છનીય ઘટના ન બને. આ ઉપરાંત, કોઈ પણ આકસ્મિક જરૂરિયાતના સમયે ગુજરાત પોલીસના પ્રોજેક્ટ જનરક્ષક ૧૧૨ પર ફોન કરીને તાત્કાલિક પોલીસ મદદ મેળવી શકાશે.

● ટ્રાફિક મેનેજમેન્ટ

નવરાત્રી દરમિયાન ટ્રાફિકની સમસ્યા ન સર્જાય તે સતત એલર્ટ રહેવા ખાસ સૂચનાઓ આપવામાં આવી છે. તે ઉપરાંત તહેવાર દરમિયાન ટ્રાફિક વ્યવસ્થાપન માટે વધારાનો સ્ટાફ પણ ફાળવવામાં આવ્યો છે. આ ટીમો ટ્રાફિકનું સુચારૂ સંચાલન કરશે જેથી વાહનચાલકો અને રાહદારીઓને કોઈ અગવડ ન પડે.

● પોલીસ રિસ્પોન્સ અને વર્તન

તહેવારોના સમયમાં મોડી રાત્રે પણ નાગરિકોની અવરજવર વધુ રહે છે, ત્યારે કોઈપણ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પોલીસ સતર્ક રહેશે. કોઈ ઘટના બને તો તાત્કાલિક મદદ મળી રહે તે માટે ક્વિક રિસ્પોન્સ માટે સજ્જ રહેવા તમામ પોલીસ કંટ્રોલ રૂમમાં સૂચનાઓ આપવા જણાવ્યું છે. એટલું જ નહીં, સિનિયર પોલીસ અધિકારીઓને કંટ્રોલ રૂમમાં હાજર રહેવાની પણ સૂચના આપવામાં આવી છે. સાથે જ, નાગરિકો સાથે પોલીસનું વર્તન સુયોગ્ય રહે અને તેઓ સુરક્ષિત અનુભવે તે માટે પણ કડક સૂચનાઓ આપવામાં આવી છે.

### સાયબર ગઠિયાઓનો આતંક યથાવત

# તમારું પાકિસ્તાન સાથે કનેક્શન છે તેમ કહી શિક્ષિકાને ધમકાવી ૩૦ લાખ પડાવ્યા

### સીબીઆઈ ઓફિસરની ઓળખ આપીને નેટ બેન્કિંગ ચાલુ કરાવી તબક્કાવાર રૂપિયા ટ્રાન્સફર કરાવ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા) ગાંધીનગર

હાલમાં સાયબર ગઠિયાઓનો તરખાટ વધી રહ્યો છે ત્યારે ગાંધીનગર જિલ્લાના કલોલમાં રહેતા મહિલા શિક્ષિકાને સીબીઆઈ ઓફિસરની ઓળખ આપીને સાયબર ગઠિયાઓ દ્વારા તબક્કાવાર ૩૦ લાખ રૂપિયા પડાવી લેવામાં આવ્યા હોવાની ઘટના બહાર આવી છે. જે મામલે ગાંધીનગર રેન્જ સાયબર ક્રાઈમ પોલીસ દ્વારા ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.સમગ્ર દેશમાં હાલ સાયબર ગઠિયાઓનો તરખાટ વધી રહ્યો છે ત્યારે ખાસ કરીને મહિલાઓ અને વૃદ્ધોને ડિજિટલ એરેસ્ટ કરીને આ ગઠિયાઓ દ્વારા ધાક ધમકી આપીને લાખો કરોડો રૂપિયા પડાવવામાં આવી રહ્યા છે ત્યારે ફરી વખત ગાંધીનગર જિલ્લામાં આ ટોળકીએ વધુ એક મહિલા શિક્ષિકાને ભોગ બનાવ્યો છે.જે ઘટના અંગે મળતી વિગતો પ્રમાણે કલોલમાં રહેતા અને ખાનગી શાળામાં શિક્ષિકા તરીકે કામ કરતા મહિલાને ગત ૪ એપ્રિલના રોજ તેમના મોબાઈલ ઉપર વોટ્સએપ વિડીયો કોલ આવ્યો હતો અને કોલ કરનારે પોતાનું નામ મોહિત શર્મા જણાવ્યું હતું અને સીબીઆઈ ઓફિસર તરીકેની ઓળખ આપી હતી. જેણે આ શિક્ષિકાને કહ્યું હતું કે તમારું પાકિસ્તાન સાથે કનેક્શન છે ત્યારબાદ ધમકાવી હતી અને જો આગળ કાર્યવાહી ના કરવી હોય તો ૧૮,૦૦૦ની માંગણી કરી હતી. જે ટ્રાન્સફર કર્યા હતા. ત્યારબાદ મોહિત શર્માએ અન્ય બે વ્યક્તિઓનો પરિચય કરાવ્યો હતો જેમાં એક દેવાંશીશ મિશ્રા જે એસબીઆઈ બેન્કમાં ચીફ જનરલ મેનેજર હોવાનું કહ્યું હતું અને ત્યારબાદ સેન્ટ્રલ બેન્કના મેનેજર તરીકે પણ અન્ય એક વ્યક્તિએ ઓળખ આપી હતી.જેમણે દિવસમાં સતત ૧૦ થી ૧૫ વખત વોટ્સએપ કોલ કરીને તેમની સમગ્ર વિગત મેળવી લીધી હતી. આ સાયબર ટોળકી દ્વારા શિક્ષિકાની માતાનું બેન્ક ખાતાનું ઓનલાઈન નેટબેન્કિંગ ચાલુ કરાવીને તેનો એક્સેસ મેળવી લીધો હતો અને શિક્ષિકાને વિશ્વાસ અપાવ્યો હતો કે તમારા રૂપિયા બમણા થઈને સરકાર પરત કરી દેશે. આમ તબક્કાવાર કુલ ૨૯.૯૦ લાખ રૂપિયા જુદાજુદા બેંક ખાતાઓમાં જમા કરાવડાવ્યા હતા. જોકે તેમને રૂપિયા પરત મળ્યા ન હતા અને ત્યારબાદ સગા સંબંધીઓને આ સંદર્ભે વાત કરતા તેમની સાથે સાયબર ળોડ કરવામાં આવ્યો હોવાનું બહાર આવતા સાયબર હેલ્પલાઈનમાં ફરિયાદ આપી હતી અને ત્યારબાદ હાલ ગાંધીનગર રેન્જ સાયબર ક્રાઈમ પોલીસ દ્વારા ગુનો દાખલ કરીને વધુ તપાસ શરૂ કરવામાં આવી છે

# કંડલા પોર્ટ નજીક ક્રેઈન નીચે કચડાતા શ્રમિકનું મોત થયું

(સંપૂર્ણ સમાચાર સેવા)કચ્છ

પૂર્વ કચ્છમાં આવેલા વિવિધ માર્ગો પર છેલ્લા ૨૪ કલાકમાં ત્રણ ગંભીર માર્ગ અકસ્માત થયા છે, જેમાં ત્રણ લોકોના કરૂણ મોત નિપજ્યાં છે. આ અકસ્માતોમાં બે શ્રમિક અને એક ટ્રક ડ્રાઈવરનો સમાવેશ થાય છે. રવિવારે (૨૧મી સપ્ટેમ્બર મોડીરાતે કંડલા પોર્ટની જેટી નંબર ૧૪ નજીક એક ક્રેઈનના ટાયર નીચે કચડાઈ જતાં એક શ્રમિકનું મોત નિપજ્યું હતું. મૂળ રાજસ્થાનના પાલીનો રહેવાસી ૪૭ વર્ષીય ભીખારામ પરમાર ગંભીર ઈજાઓને કારણે ઘટનાસ્થળે જ મૃત્યુ પામ્યો હતો. પોલીસે અકસ્માત અંગે વધુ તપાસ હાથ ધરી છે. (૨૨મી સપ્ટેમ્બર) સવારે વાગ્યે ભચાઉથી ગુણાતીતપુર રોડ પર એક છોટા હાથી વાહન પાછળ બાઈક ટકરાતાં એક વ્યક્તિનું મોત થયું હતું અને અન્ય એક ઈજાગ્રસ્ત થયો હતો. મૂળ ઉત્તર પ્રદેશના મૃતક લલ્લન ચૌહાન અને તેનો ભત્રીજો બંને બુઢારમોરાની કેમોસ્ટીલ કંપનીમાં કામે જવા નિકળ્યા હતા, ત્યારે આ દુર્ઘટના બની હતી. લલ્લનનું ઘટનાસ્થળે જ મોત થયું હતું, જ્યારે તેના ભત્રીજાને ઈજા પહોંચતા તેને સારવાર અર્થે ખસેડવામાં આવ્યો છે. આજે બપોરે સામખિયાળી ટોલનાકાથી અડધો કિલોમીટર દૂર ભચાઉ તરફ જતા હાઈવે પર એક ટ્રક ડ્રાઈવરનું કારની અડફેટે મોત થયું હતું. મૂળ રાજસ્થાનના જૈસલમેરનો રહેવાસી ઈશાનખાન હિંગોરજા પોતાની ટ્રકને સાઈડમાં પાર્ક કરીને ચેક કરી રહ્યો હતો, ત્યારે જ પાછળથી પૂરઝડપે આવતી એક રીટ્ઝ કારે તેને જોરદાર ટક્કર મારી હતી. ગંભીર ઈજાઓને કારણે તેનું સ્થળ પર જ મૃત્યુ થયું હતું. પોલીસે આ મામલે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.